PRABHAT
EDUCATION FOUNDATION

# Roshni

## Reaching Out to Serve Humanity with New Initiatives

*(મતલબ કે જેટલું શક્ય હોય તેટલા વધુ લોકો સુધી સેવા પહોંચાડવી અને કંઈક નવું કરવાનો પ્રયત્ન કરવો તે આશયથી આ સામાયિકનું નામ "રોશની" રાખવામાં આવ્યું છે.આ દ્વારા ઘણી દૂર સુધી ઉજાસ ફેલાવવાનો પ્રભાતનો નમ્ર પ્રયત્ન છે).*

## "Hero of the year"



આદિલ ફિરોઝખાન પઠાણ પર ખૂબ ગર્વ છે. પ્રભાત ટીમને અમારા આ હોનહાર સ્ટુડન્ટ ઉપર કે જેણે પોતાના એક ફેવરિટ ગાયક દર્શન રાવલના ગીતોને પોતાના અવાજમાં ગાઈને પોતાનામાં રહેલી ટેલેન્ટનો ખૂબ જ સરસ પરીચય આપ્યો છે.

આદિલ પ્રભાતમાં છેલ્લા પાંચ વર્ષથી આવે છે અને જુદી-જુદી એકટીવીટી કરે છે. દરેક વસ્તુ શીખવામાં તેને ખૂબ જ રસ હોય છે. પરંતુ બધી વસ્તુમાં તે સંગીતને ખૂબ જ પસંદ કરે છે.

આદિલના મમ્મી શ્રી નિશાબેન કહે છે કે, આદિલ નાનો હતો ત્યારથી જ રેડિયો કે ટેપમાં કોઈ ગીતો સાંભળે તો તે ગણગણ્યા કરતો અને તેને સારી રીતે ગાવાનો પ્રયત્ન કર્યા કરતો.

પ્રભાતમાં પણ સંગીતમાં કે કોઈ કાર્યક્રમમાં ગાવાની તક મળે તો તે જરા પણ જવા દેતો નથી.

પપ્પાએ મોબાઈલ ફોન અપાવ્યો ત્યારથી તો આદિલને ગીતો સાંભળવાની ખૂબ જ મઝા પડી ગઈ યુ ટ્યુબ ઉપર કે ઈન્સ્ટાગ્રામ ઉપર તે ગીતો સાંભળતો તેમાં તેને શ્રી દર્શન રાવલના ગીતો ખૂબ જ ગમવા લાગ્યા તે આ ગીતો વારંવાર સાંભળ્યા કરતો હતો. જયારે તેને જાણ્યું કે શ્રી દર્શન રાવલ અમદાવાદના છે તો તેના મનમાં વધારે ઈન્ટરેસ્ટ ઉત્પન્ન થયો અને જયારે તેને દર્શન રાવલને મળવાની ઈચ્છા થતી તેના મનની આ વાત તે પેરેન્ટ્સને પણ કહેતો અને ટીચરને પણ કહેતો હતો.

તેવામાં પ્રભાતમાં જુહીબેન અને તેમના મિત્ર ડાન્સ શીખવવા આવતા હતા. તેમને પણ આદિલ વિશે જાણ્યું કે તે દર્શન રાવલના ગીતો ગાય છે અને તેમનો ફેન છે. તેમને આદિલના ગીતનું રેકોર્ડિંગ કર્યુ અને શ્રી દર્શન રાવલને મોકલી આપ્યું અને શ્રી દર્શન રાવલનો રિપ્લાય આવ્યો "થેન્ક યુ ભાઈ" બસ પછી તો પૂછવું જ શું, તેના આનંદનો પાર ના રહ્યો અને તે ખૂબ ધગશથી તેમના ગીતોની પ્રેકટીસ કરવા લાગ્યો અને ગાવા લાગ્યો.



પ્રભાતમાં ડો. નિવેદિતાબેનના ધ્યાનમાં આ વાત આવી તેમને આદિલ એક માઈક રાખે છે તો માઈક લઈને આવવાનું કહ્યું અને પોતાની પાસે બોલાવીને ગવડાવ્યું. તેને પ્રોત્સાહન આપ્યું અને ડો. નિવેદિતાબેને કહ્યું કે તારે રોજ મારી સામે આવીને ગીત ગાવાનું અને પ્રેક્ટિસ કરવાની. આદિલ બિલકુલ ભૂલ્યા વગર આ વાતને ફોલો કરતો. તેની આ ધગસ અને મહેનત જોઈને પ્રભાતે તેને પ્લેટફોર્મ આપ્યું.

ડો. નિવેદિતાબેનના મિત્રના ભાઈનો સ્ટુડિયો હતો ત્યાં લઈ જઈને સંગીત સાથે તેને પ્રેકટીસ કરાવવામાં આવી આદિલના પેરેન્ટ્સ, શિક્ષક નિકુલભાઈ, ડો. નિવેદિતાબેન તેને સ્ટુડિયો લઈ જતા અને પ્રેકટીસ



https://www.youtube.com/watch?v=Vntb0Qdugts&

કરાવતા અને બાદમાં તેનું રેકોર્ડિંગ કરવામાં આવ્યું અને આદિલની ઈચ્છા મુજબ તેના પ્રિય ગાયક શ્રી દર્શન રાવલની બર્થ-ડેના દિવસે તેનો વિડીયો યુ ટ્યુબ ઉપર લોન્ચ કરવામાં આવ્યો. આદિલનો, તેના પેરેન્ટ્સનો, અને પ્રભાત ટીમનો ખુશીનો કોઈ પાર ના હતો. બધાએ આદિલને દિલથી અભિનંદન આપ્યા.

પૂરી પ્રભાત ટીમની શુભેચ્છા તેની સાથે છે કે જેમ ગાયક બનવાની ઈચ્છા પૂરી થઇ તેમ શ્રી દર્શન રાવલને મળવાની ઈચ્છા પણ પૂરી થાય અને આદિલની ગાયકીમાં દિન પ્રતિદિન ખૂબ પ્રગતિ થાય.

આદિલના દિલની એક તીવ્ર ઇચ્છા છે કે તેને એક વખત શ્રી દર્શન રાવલને મળવાની તક મળે.

ખરેખર આદિલ પ્રભાતના બાળકોનો આદર્શ છે. આદિલને થોડો સ્પીચ પ્રોબ્લેમ પણ છે. તેમ છતાં આદિલનો એટીટ્યૂડ કહે છે કે "I am possible".

# “Like Us Photo Exhibition”

શ્રીમતી બિંદીબેન શેઠે જયારે પ્રભાતની મુલાકાત લીધી ત્યારે તેમને પ્રભાતના બાળકોની નિર્દોષતા સ્પર્શી ગઈ. બાળકો સાથે સમય વિતાવ્યો તે દરમિયાન તેઓ ખૂબ ભાવુક થઇ ગયા હતા. તેઓ ખૂબ સારા ફોટોગ્રાફર છે અને તેઓ જુદા-જુદા વિષય ઉપર ફોટો એક્ઝિબિશન કરે છે.




પ્રભાતના બાળકોને મળ્યાં બાદ તેમને મનોમન નક્કી કર્યું કે હવે હું આ સ્પેશ્યલ નીડ બાળકો વિષે અવેરનેસ થાય તે માટે ફોટો એક્સઝીબીશન કરીશ. ત્યાર પછી તેમને વારંવાર પ્રભાતની મુલાકાત  લીધી પ્રભાતના સેન્ટરના બાળકો ઉપરાંત બાળકોના એરિયામાં જઈને તેમના ઘરે જઈને ઘણાં બધા ફોટોગ્રાફ્સ પડ્યા અને એક સંગ્રહ બનાવ્યો.

આ દરેક ફોટો જાણે કે કોઈ વાત કહી રહ્યો હોય તેવા ભાવ તેમાં જોવા મળતા હતા. તેમણે આ ઘણાં બધા ફોટોગ્રાફ્સને સરસ ફ્રેમમાં મઢીને.



સૌથી પહેલા કસ્તુરભાઈ લાલભાઈ આર્ટ ગેલેરીમાં ફોટો એક્સઝીબીશન કર્યું. આ એક્સઝીબીશન જોવા ઘણાં બધા લોકોએ મુલાકાત લીધી અને ખૂબ સારા પ્રતિભાવ જોવા મળ્યાં. ઘણી બધી સ્કુલના બાળકોએ પણ અહીં આવીને આ એક્સઝીબીશનનો લાભ લીધો. તદ્ઉપરાંત આ બાળકોએ પ્રભાતના બાળકો સાથે પોતાનો સમય વિતાવ્યો. જે દિવસે પ્રભાતના અને બીજી સ્કૂલના બાળકો ભેગા થયા ત્યારે “શ્રી સોફી મેમ” [ઓરેગામી એક્સપર્ટ] દ્વારા ઓરેગામી વર્ક કરાવવામાં આવ્યું હતું. જેમાં બાળકોને ખૂબ જ મજા પડી હતી.



આજ રીતનું એક્સઝીબીશન માર્ચ મહિનામાં તેમણે ગાંધીનગર એન.આઈ.ડી. માં કર્યું હતું. ત્યાં ખૂબ જ સરસ પ્રતિભાવ મળ્યો હતો.

આ બંને એક્સઝીબીશન ની સફળતા બાદ બિંદીબેને દિલ્હીમાં “ઇન્ડિયન ઈન્ટરનૅશનલ સેન્ટર” માં ત્રીજા રાષ્ટ્રીય લેવલે એક્સઝીબીશન કર્યું. જેનું ઉદ્ઘાટન નેશનલ ટ્રસ્ટના ભૂતપૂર્વ ચેરમેન શ્રીમતી પૂનમ નટરાજને કર્યું. ત્યાં પણ ખૂબ જ સરસ પ્રતિસાદ મળ્યો. ઘણી બધી સંસ્થા અને ઘણાં બધા લોકોએ આ એક્સઝીબીશનની મુલાકાત લીધી અને પ્રભાતના બાળકોનો ફોટોગ્રાફ્સના માધ્યમથી પ્રભાતનો પરિચય મેળવ્યો. પ્રભાતના આ બાળકોના ફોટા યાદગાર અને ચીર સ્મરણીય બને તે માટે 'Like us book' સ્વરૂપે પ્રગટ કરવામાં આવ્યું જેનું ઉદઘાટન જયશ્રીબેન લાલભાઈના હાથે કરવામાં આવ્યું.



# રાષ્ટ્રીય લેવલે સેમિનાર





પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન અને આઈ.આઈ.સી નો સહયોગથી એક રાષ્ટ્રીય લેવલનો સેમિનાર તા.02/08/2019 અને 03/08/2019 ના રોજ યોજાયો, જેમા મુખ્યત્વે પ્રથમ દિવસે સી.બી.આર અને બીજા દિવસે Inclusive Education ઉપર ડીસ્કશન હતું.

પ્રભાતમાંથી શ્રી અશોકસર,શ્રી કેશવસર,શ્રી હાસ્યલતામેમ,શ્રી પ્રણવસર,શ્રી ભાવનીષાબેન,શ્રી સેજલબેન,શ્રી લક્ષ્મીબેન અને શ્રી નરગિસબેન,શ્રી રાજભાઈ,શ્રી દિવ્યાબેન, શ્રી સુનેત્રાબેને ભાગ લીધો હતો અને દરેક જણે વિષયની ચર્ચામાં ભાગ લઈને પોતાનું પ્રેઝન્ટેશન રજુ કર્યું હતું.

જેમાં સી.બી.આર. માં પ્રભાત, Mobile Creche, જનમાધ્યમ, આસ્થા, આદિ વગેરે સંસ્થાએ ભાગ લીધો હતો અને challenge of Inclusion માં સેન્ટમેરી, વિદ્યાસાગર, પ્રભાત, શ્રી રામસ્કૂલ, લતિકારોય ફાઉન્ડેશન C.B.M, APD (Karnataka) વગેરે સંસ્થાઓએ ભાગ લીધો હતો.

આ બધી સંસ્થાઓએ ડીસ્કસન દરમ્યાન અરસપરસ સંસ્થાની કાર્યપધ્ધતિ જાણી હતી અને પોતાના વિચારોની આપ-લે કરી હતી.

# C.R.C (ઓઢવ)



**Government Composite Regional Center** માંથી સ્પે-બી એડના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા 18 સ્ટુડન્ટ વટવા સેન્ટરમાં લેસન પ્લાન લેવા માટે આવ્યા હતા.



અને તેમને અઠવાડીયા સુધી સતત લેસન પ્લાન લઈને પોતાનું કાર્ય સાથે કર્યું હતું. જેમાં તેઓ ખૂબ જ સરસ TLM બનાવીને લાવ્યા હતા અને તેનો ઉપયોગ બાળકો સાથે કર્યો હતો. તેઓ બાળકો સાથે ખૂબ જ હળી-મળી ગયા હતા. તેમણે એક બાળક માહેનૂરની બર્થ-ડે તે સમય દરમ્યાન આવી હતી તો તેઓએ ખૂબ સરસ કેક લાવીને માહેનૂરની બર્થ-ડે સેલિબ્રેશન કર્યું હતું. તેમના લેસન પ્લાનના છેલ્લા દિવસે તેઓ બાળકોની સાથે જમ્યા હતા અને તેમના તરફથી દરેક બાળકને ગિફ્ટ આપી હતી અને તેમના આ કાર્યને યાદગાર બનાવ્યું હતું.

# "અમે ગયા તા મેળે"



વટવા સેન્ટરમાંથી બાળકોને વટવા ગામમાં ભરાયેલા મેળાની મુલાકાતે લઈ જવામાં આવ્યા તે વખતે ગણપતિ મહોત્સવ પણ ચાલી રહ્યો હતો એટલે સૌ પ્રથમ બાળકોને ગણપતિ દર્શન માટે લઇ જવામાં આવ્યા. ત્યારબાદ મેળો ભરાયેલો ત્યાં લઇ જવામાં આવ્યા. ખૂબ લાંબા અંતર સુધી પાથરણાં પાથરીને બધા જુદી-જુદી વસ્તુ વેચવા બેઠા હતા તે દરેક જગ્યાએ ફરીને બાળકોએ જોયું હતું અને જુદી-જુદી અને કલરફુલ વસ્તુઓ બાળકોમાં કુતુહલ જગાવતા હતા, બાળકોએ અમુક વસ્તુના ભાવ પૂછ્યા હતા અને શિક્ષકોએ મદદ કરીને બાળકોને રમકડાંની ખરીદી કરાવડાવી હતી અને બાળકો મેળાના મુલાકાતનો આનંદ માણીને પાછા ફર્યા હતા.

# બજારની સફરે



બાળકો ને આપણે આઉટિંગમાં લઇ જઈએ જેમાં કોઈ મનગમતા સ્થળની મુલાકાત હોય, બાળકોને ખૂબ જ આનંદ કરવા મળે, સારું જમવાનું કે નાસ્તો મળે, બસમાં જવા મળે, તેવી જ લગભગ કલ્પના હોય.

પરંતુ દાણીલીમડા અને વટવા સેન્ટરમાં આઉટિંગ સાથે શિખવવાની પ્રક્રિયાને જોડવામાં આવી અને બાળકોને ચાર ગ્રૂપમાં વહેંચીને ખરીદી કરવા માટે લઇ જવામાં આવ્યા અને વાસ્તવિકતાનો અનુભવ કરાવીને બાળકોને ખરીદી શીખવવામાં આવી.

સૌ પ્રથમ આગલાં દિવસે સૌ શિક્ષકો એ સાથે બેસીને પ્લાનિંગ કર્યુ કે આપણે આવતી કાલે બાળકોને ખરીદી કરાવવા માટે લઇ જઈએ. અને તરત જ તેના ઉપર એકશન શરૂ કરીને ટીચરો ફટાફટ પોતાના બાળકોના ઘરે ચિઠ્ઠી લખી કે કોઈ પણ એક કે બે વસ્તુ ખરીદવાની હોય તેનું નામ અને તેના માટે પૈસા મોકલવાં વિનંતી. બીજા દિવસે લગભગ બધા જ બાળકો ચિઠ્ઠીમાં શુ લેવાનું છે તે અને સાથે પૈસા લઈને ખૂબ જ ઉત્સાહભેર સ્કૂલમાં આવ્યા. બપોરે રીશેષ પછી બધા બાળકો ક્યાંક બહાર જવાનું હોય તેમ તૈયાર થયા. શિક્ષકોએ તેમને નજીકમાં આવેલ બજારની દુકાનમાં જવાનું છે તે વિષે સમજાવ્યું અને એક ગ્રૂપને લઈને એક શિક્ષક નજીકના બજારમાં ગયા. સંબંધિત દુકાને જતા શીખવ્યું,ભાવ પૂછતાં,વસ્તુ માંગતા,ગણીને પૈસા આપતા અને વસ્તુ ચેક કરીને લેતા શીખવ્યું અને ખરીદીનો એક વાસ્તવિક અનુભવ કરાવ્યો.



વારાફરતી બીજા ત્રણેય ગ્રૂપે આજ પ્રક્રિયા કરી અને બધા જ બાળકોને ખરીદીનો અનુભવ કરાવ્યો.

સંસ્થામાં આવ્યા બાદ બાળકોને પૂછવામાં આવ્યું કે તમે ક્યાં ગયા હતા? કોની દુકાને ગયા હતા? તમે દુકાનવાળા પાસે શું માંગ્યું? કેવી રીતે વસ્તુનો ભાવ પૂછ્યો? તમે તે વસ્તુ ખરીદી? તમે કેટલા રૂપિયા આપ્યા? શું તમે વસ્તુ ચેક કરીને લીધી?

જો આવા બધા પ્રશ્નો ફક્ત ક્લાસમાં જ પૂછવામાં આવ્યા હોત તો બાળકો કદાચ બધા જ જવાબો ના આપી શક્ય હોત.

પરંતુ આ વાસ્તવિક અનુભવ બાદ બાળકોએ બોલીને કે હાવભાવ દ્વારા બધા જવાબો ફટાફટ આપ્યા. ઘરે પેરેન્ટ્સને પણ લાગ્યું કે બાળકોને આજે કંઈક નવું કરાવવામાં આવ્યું.

આમ, શિક્ષકોએ એક પ્રવૃત્તિના માધ્યમથી આઉટિંગ,કોમ્યુનિકેશન,મનિ કોન્સેન્ટ, મોબીલીટી,ગ્રોસ મોટર,ફાઈન મોટર,આઈડિફિકેશન જેવી અનેક પ્રવૃત્તિને સાંકળીને બાળકોને સાચી દિશામાં ફન વિથ લર્નના કોન્સેપટ સાથે શિક્ષણ આપ્યું.

# વિઝીટર દ્વારા એકટીવીટી





ટાટા કન્સલ્ટન્સીની ટીમ દ્વારા વેસ્ટમાંથી બેસ્ટનો ઉપયોગ શિખવીને પ્લાન્ટેશન કાર્યક્રમ કરવામાં આવ્યો.

તા. 04/10/2019 ના રોજ ટાટા કન્સલ્ટન્સીમાંથી 25 જેટલા ટીમ મેમ્બર દ્વારા પ્રભાતના બાળકો સાથે આવીને એકટીવીટી કરવામાં આવી.

લગભગ બપોરના 1 વાગ્યાના સમયે 25 મેમ્બર્સની ટીમ વટવામાં આવેલ પ્રભાતના સેન્ટર ઉપર આવી અને પાછળ મેદાનમાં વટવા સેન્ટરના બાળકો, શિક્ષકો અને આવેલ મહેમાનો બધા એકઠા થયા. આવેલ સભ્યોએ દરેક બાળકને મળીને પોતાનો પરીચય આપ્યો અને બાળકોનો પરીચય મેળવ્યો.

તેઓ તેમની સાથે ઘણા બધા નાના નાના ખૂબ જ સૂંદર પ્લાન્ટ્સ લાવ્યા હતા. તદઉપરાંત પ્લાસ્ટિકની બોટલો, સ્પ્રે-કલર, ઓઇલ-પેન્ટ કલર, બ્રશ, કલર, સેલોટેપ, ફેવિકોલ, નાના-નાના સ્ટોન, કાતર, કટર વગેરે વસ્તુઓ લાવ્યા હતા.

બધા જ મેમ્બર્સ બાળકનાં જુદા-જુદા ગ્રૂપ સાથે મટીરીયલ લઈને વહેંચાઈ ગયા. દરેક ગ્રૂપમાં પ્રભાતના ટીચરો પણ વહેંચાઈ ગયા. તેઓએ કટર વડે બોટલોને જુદા-જુદા શેપ આપીને કાપી. ત્યારબાદ તેના ઉપર બાળકોની મદદ લઈને સ્પ્રે કલર કર્યો, થોડીક બોટલો બાળકોને આપી અને તેમની વચ્ચે ડેકોરેશનનું મટીરીયલ મુક્યું. તેઓએ માર્ગદર્શન આપીને અને જરૂર પડે ત્યાં મદદ કરીને

બોટલો ડેકોરેટ કરાવી. જેમાં બધા જ બાળકોને ઈન્વોલ્વ કર્યા. ત્યારબાદ દરેક બાળક પાસે માટી સાથે નાના-નાના છોડ બોટલમાં ગોઠવાયા અને બાળકદીઠ એક બોટલમાં એક પ્લાન્ટ તૈયાર થયો.

દરેક બાળકનો તેમના પ્લાન્ટ સાથે વ્યક્તિગત ફોટો પાડવામાં આવ્યો.
આ એક્ટીવીટી કરતી વખતે અને કર્યા બાદ બાળકો અને આવેલ મહેમાન ખૂબ જ ખુશ જોવા મળતા હતા. બાળકોનાં મનમાં કંઈક નવું કરવાની ઈચ્છા જોવા મળતી હતી અને મહેમાનોને કંઈક કરવાની ખુશી હતી. આમ આ પ્રસંગ બાળકો અને મહેમાન માટે ખૂબ જ યાદગાર બન્યો.

બાળકોમાં ખૂબ જ સરસ સોશ્યલાઈઝેશન જોવા મળ્યું. જે વ્યક્તિઓને થોડાક સમય પહેલા ઓળખતા પણ નહોતા તે વ્યક્તિઓ બાળકોનાં દોસ્ત બની ગયા અને તેઓ સાથે ખુલ્લા દિલે મસ્તી કરતા જોવા મળ્યાં અને મહેમાનો પણ બાળકોને દોસ્ત બનાવી હાથમાં પ્લાન્ટ સાથે સેલ્ફી લેતા જોવા મળ્યાં હતા.

કેવી અદ્‌ભૂત અનુભૂતિ!

# ગરબા

એ... હાલો.................

આ ટહુકો શું એલાન કરે છે, એ આપણે સમજી જ જઈએ ખરું ને? જેનો આખા વર્ષ દરમ્યાન ખૂબ જ આતુરતાથી ઈંતજાર હોય છે, તે ગરબા ઈવેન્ટની વાત કરું છું.



14 ઓક્ટોમ્બર ના રોજ પ્રભાતના બાળકો પાર્ટીપ્લોટ જેવા જોરદાર ગરબા માણી શકે અને ગુજરાતની ગરવી સંસ્કૃતિને જાણી શકે તે માટે પ્રભાત દ્વારા ઈસનપુર-વટવા રોડ ઉપર આવેલ મુખીની વાડીમાં ભવ્ય ગરબાનું આયોજન કરવામાં આવેલ જેમાં પ્રભાતના બાળકો, શિક્ષકો, વોલિયન્ટર્સ અને શુભેચ્છકોએ ખૂબ જ ઉમળકાથી ભાગ લીધો હતો.

બાળકો ખૂબ જ સુંદર ટ્રેડિશનલ ડ્રેસ પહેરીને તેમના પેરેન્ટ્સ, ભાઈ-બહેન સાથે આ ગરબા કાર્યક્રમ માણવા આવી ગયા હતા.

તેમનો અંદાઝ આજે કંઈક અલગ જોવા મળતો હતો,અને આત્મવિશ્વાસની તો શું વાત કરવી!જાણે કે એક્સપર્ટ ખેલૈયાઓની વણઝાર! જોરદાર સાઉન્ડ સિસ્ટમ,ખૂબ મોટી જગ્યા,લાઈટ અને ફૂલોનું ડેકોરેશન, વાતાવરણને જીવંત અને તાજગી સભર બનાવતું હતું.



બાળકો ને સરસ અને નોનસ્ટોપ ગરબા રમવા માટે સ્ટેજ ઉપરથી સતત એનાઉન્સમેન્ટ કરીને પ્રોત્સાહન આપવામાં આવતું હતું.

અને બાળકો મન મુકીને ગરબા રમતા હતા,તેમના ઉત્સાહમાં વધારો કરવા માટે તેમની સાથે હતા તેમના પેરેન્ટ્સ, ટીચર્સ અને વોલિયન્ટર્સ.

ગરબામાં વિવિધ પધ્ધતિ બેતાલી,ત્રણ તાલી,હીંચ,ચાર-ચાર બંગડીવાળી,સનેડો,કાકા બાપાના પોરીયા,બધી જ સ્ટાઈલ નો આનંદ માણ્યો હતો.

ટીન એજર છોકરીઓનું ગ્રુપ ગરબા કરતુ હતું ત્યારે લાગી રહ્યું હતું કે કોઈ કોલેજ ગર્લ્સનું ગ્રુપ સાથે એન્જોય કરી રહ્યું હોય.

સી.પી. બાળકો પણ કંઈ કમ ન હતા તેઓ પણ પોતાની ખુરશીમાં બેસીને હાથ હલાવીને વિવિધ એકશનો કરતા હતા,અને એન્જોય કરતા હતા.

દુઃખના રોદણાં રડતા લોકો માટે તો ખાસ મેસેજ હતો કે જુઓ કેવી રીતે મુસીબત સાથે હસતા હસતા જિંદગી જીવાય.

ગરબાના કાર્યક્રમ પછી આવેલ તમામ લોકો માટે સરસ ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું, બાળકોએ અને મોટાઓએ ગરબા એન્જોય કાર્ય બાદ ખૂબ શોખથી જમવાની મજા માણી હતી.



અને મોડા સુધી બાળકો,પેરેન્ટ્સ તેમજ આવેલ તમામ વ્યક્તિ સાથે હળતા-મળતા અને એકબીજા સાથે વાતો કરતા હતા અને આનંદ કરતા જોવા મળ્યા, પેરેન્ટ્સની પેરેન્ટ્સ સાથે દોસ્તી મજબૂત બની રહી હોય તેવો એહસાસ થઈ રહ્યો હતો .

“રાજ” ડાન્સ ગ્રુપ દ્વારા થોડા ડાન્સનું પરફોમન્સ કરવામાં આવેલ હતું અને તેઓની સાથે બાળકોએ પણ ડાન્સની મઝા માણી હતી,

બાળકો હીરો અને હિરોઈન હોય એમ જુદા જુદા પોઝમાં ફોટા પડાવતા હતા અને વિડીયો ઉતરાવતા હતા, કેટલાક લોકો આ યાદગાર પ્રસંગને સેલ્ફીરૂપે કેમેરામાં કેદ કરતા હતા.

આ ઈવેન્ટ કોમ્યુનિટી ઇન્વોલ્વમેન્ટની પણ એક મિસાઈલ છે પ્રભાતના બાળકો એન્જોય કરે તે માટે મુખીની વાડીના સ્થાપક ગૌતમભાઈએ મુખીની વાડી,સાઉન્ડ સિસ્ટમ,સ્ટેજ,લાઇટિંગ,ખુરશી ટેબલ કાઉન્ટર,બધી જ વસ્તુ નિઃશુલ્ક આપ્યું હતું, બાળકોને એન્ટરટેઈન કરાવવા આર.કે. ગ્રુપે પણ નિઃશુલ્ક સેવા આપી હતી,પાણી માટે શ્રી નેહાબેન પ્રસાદે સેવા આપી હતી,સામાન પ્રભાતથી મુખીની વાડી અને મુખીની વાડીથી પ્રભાત લાવવા લઇ જવા માટે જે વાહન મળ્યા હતા શ્રી જાકીર હુસેનભાઈએ પણ નિઃશુલ્ક સેવા હતી.

ખરેખર પ્રભાતની ગરબા ઈવેન્ટ એક યાદગાર પ્રસંગ હોય છે.

# ઈન્ટર્નશિપ

બહારની સ્કૂલ, કોલેજ, સંસ્થાના સ્ટુડન્ટ દ્વારા પ્રભાત સ્ટુડન્ટ સાથે કાર્ય.
એમ. પી. એસ. ડબ્લ્યુ
ફિઝિયોથેરાપી
Composite Regional Center (ઓઢવ C.R.C) B.Ed. students lesson plan
એમ. પી. એસ. ડબ્લ્યુ.:-

તા. 18/07/2019 ના રોજથી ગુજરાત વિદ્યાપીઠના માસ્ટર ઓફ સાયકો સોસીયલ વર્કના સ્ટુડન્સે પ્રભાતમાં ચાર મહિના માટે કાર્ય કરવાની પરમિશન મેળવીને ઇન્ટરશીપ કાર્ય શરૂ કર્યું જેમાં તેઓએ પ્રભાતમાંથી સ્પેશિયલ બાળકો વિશે તેમના અભ્યાસક્રમ વિશે માહિતી મેળવી તેમણે સેન્ટરમાં બાળકો સાથે કાર્ય કર્યું તેમજ હોમબેઝ શિક્ષકો સાથે બાળકોના ઘરની હોમ વિઝીટ કરીને કોમ્યુનિટીમાં પણ કામ કર્યું, બાળકો સાથે થતી ફીઝીયોથેરાપી વિશે પણ અર્શ સ્કૂલના ફીઝીયોથેરાપી કલાસની મુલાકાત લઈને બાળકો વિશે જાણ્યું અને જાણકારી મેળવવા પ્રશ્નો પણ પૂછ્યા, તદ્ઉપરાંત સેલીબ્રેશન વખતે પણ શિક્ષકો સાથે રહીને કોમ્યુનિટીમાં કરાવતા સેલીબ્રેશનોમાં ભાગ લીધો અને બાળકો સાથે એન્જોય કર્યું તેઓએ સેન્ટરમાં શિક્ષકના માર્ગદર્શન હેઠળ ટી.એલ.એમ. પણ બનાવ્યા અને પ્રી વોકેશનલ એકટીવીટી કોડિયાં પેઈન્ટીંગમાં પણ ભાગ લીધો અને દિવાળી સેલીબ્રેશનમાં ભાગ લીધો દિવાળી બાદ તા. 09/11/2019 ના રોજ તેઓએ કેશવસર અને સંસ્થાના શિક્ષકો સામે પોતાના કાર્યનું પ્રેઝન્ટેશન પણ કર્યું હતું, અને પ્રભાતમાં આ કાર્ય કરીને અમને ઘણું બધું શીખવા મળ્યું તેવો ફીડબેક આપ્યો હતો.



ફીઝીયોથેરાપી સ્ટુડન્ટ્સ દ્વારા કાર્ય :-

N.R Institute of Physio therapy ના 15 સ્ટુડન્ટ્સે અર્શ સ્કુલ અને વટવા સેન્ટર ખાતે ફીઝીયોથેરાપી બાળકો સાથે કાર્ય કર્યું જેમાં તેમનું પ્લેસમેન્ટ પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનમાં કરવામાં આવેલું તેમાં તેઓએ મનીષભાઈ અને કવિતામેમ પાસેથી બાળકોને કરવાની કસરત અંગે જાણકારી મેળવી હતી, તેઓએ ફીઝીયોથેરાપી માટે આવેલ બાળકનું એસેસમેન્ટ પણ કરતા શીખવવામાં આવ્યું હતું, તેમને પ્લેસમેન્ટનો સમય 15 દિવસનો હતો, 15 દિવસની એક બેંચ પતે એટલે બીજી બેચ કાર્ય માટે આવતી હતી આમ ઓગસ્ટથી ઓક્ટોમ્બર સુધીમાં ફિઝિયોથેરાપીની ત્રણ બેચ આવી અને તેઓએ પ્રભાતમાંથી તાલીમ મેળવી અને પ્રભાતના બાળકો સાથે કાર્ય કર્યું.



<u>Composite Regional Center Government of India</u>

ઓઢવમાંથી તા.13/11/2019ના રોજ બી.એડ. ના સ્ટુડન્ટ્સનું પ્લેસમેન્ટ કરવામાં આવ્યું જેમાં બી.એડ. ના સ્ટુડન્ટ્સ પ્રભાતમાં લેશન પ્લાન લેશે.

National Institute of design એન.આઈ.ડી. સંસ્થામાંથી બે સ્ટુડન્ટ્સ દાણીલીમડા સેન્ટરમાં આવ્યા હતા અને તેમને પ્લે ગ્રાઉન્ડના અનુભવો વિશે બાળકો સાથે ચર્ચા કરી હતી અને આ વિષય ઉપર કાર્ય કર્યું હતું.

# બાળ-દિન

તા. 14/11/2019 ના રોજ બાળદિનની ઉજવણી રૂપે પ્રભાતના બાળકોને ઝાયડસ સ્કૂલમાં આમંત્રિત કરવામાં આવેલા હતા. જેના માટે બાળકોને લેવા અને મુકવા માટે બસની વ્યવસ્થા ઝાયડસ સ્કુલ તરફથી કરવામાં આવેલ.

પ્રભાતમાંથી 88 બાળકો અને 23 (ટીચર્સ અને વોલયંટર્સ) મોટા વ્યક્તિઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

પ્રભાતના બાળકો બસમાંથી ઉતર્યા તેવા જ ઝાયડસ સ્કૂલના બાળકો તેમના દોસ્ત બની ગયા હતા. અને આવતાની સાથે જ એ લોકોએ બાળકોને બલૂન આપીને પ્રભાતના બાળકોનું સ્વાગત કર્યું હતું, બધા જ બાળક એકબીજાની સાથે બલૂનની રમત રમ્યા અને એક પણ ક્ષણ બગાડ્યા વિના એન્જોય કરતા હતા.

આ બાળકોની એક્ટીવીટીમાં માત્ર રમત જ નહતી બાળકોને હાથ પકડી અંદર લઇ આવવા, ખુરશીમાં બેસાડવા, તેમને ઠંડુ પાણી આપવું આ બધી પ્રક્રિયા પણ સામેલ હતી.



બલૂનની રમત થોડી વાર રમ્યા બાદ ત્યાંના બાળકોએ જુદા-જુદા ટેબલ ઉપર અને બહાર મેદાનમાં જુદી-જુદી ગેમનું આયોજન કરવામાં આવેલું જેમાં પ્રભાતના બાળકો આસાનીથી રમતમાં ભાગ લઇ શકે તેવી સરળ અને મઝા પડે તેવી તેમજ કલરફુલ એક્ટીવીટીવાળી રમતો પ્લાન કરવામાં આવેલ હતી.

દરેક બાળકે સતત ફરતા રહીને એ વાતનું ધ્યાન રાખ્યું હતું કે પ્રભાતનું એક પણ બાળક ઈન્વોલ્વ થયા વિના રહી ના જાય.

આ દરમ્યાન બાળકો સાથેના નાના નાના પ્રસંગો તેમની આત્મીયતાનો પરિચય આપતા હતા જેના કેટલાક ઉદાહરણો.:

કેટલાક બાળકો ઉભા થઈને ટેબલ પાસે કે ગ્રાઉન્ડમાં જઈને રમી શકે તેમ નહોતા તેવા બાળકો પાસે ઝાયડ્સના બાળકો રમતની એક્ટીવીટી લઈને બાળક પાસે જતા હતા, તેમને રમાડતા હતા અને બાદમાં ચોકલેટ આપતા હતા તેમના આ નાનકડા પ્રયત્નથી દરેક બાળકના મોઢા ઉપર ખુશી જોવા મળી હતી.



એક બાળક બીજા બાળકને કહેતું હતું, હાય ફ્રેન્ડ હેપ્પી ચિલ્ડ્રન ડે, બીજું બાળક આ વાત પેલા બાળકની સામે જોઈને સાંભળતું હતું પરંતુ તેની કોઈ પ્રતિક્રિયા આપતું ન હતું એટલે પેલા બાળકે તેના ખભા પકડીને તેના ફેસની બરાબર સામે જોઈને સમજાવ્યું ફ્રેન્ડ તું મારો દોસ્ત છે, અને આજે બાળકોનો દિવસ છે, હું તને આજે આપણો ખુશીનો દિવસ છે તેમ કહું છું દે તાલિ, બીજો બાળક હવે તેની વાતમાં ઈન્વોલ્વ થયો અને મોઢા પર હાસ્ય સાથે તાલિ આપી, આમ ખૂબ ધીરજથી એક બાળકે બીજા બાળકને દોસ્ત બનાવ્યો.

બીજા એક પ્રસંગમાં એક બાળકને હસાવવા બીજો બાળક પ્રયત્ન કરતો હતો પરંતુ બાળક હસતો નહતો આના માટે બીજા બાળકને મનાવવા નીચે નમીને કહ્યું મારા વાળ ખેંચવા છે તેની આ રીત જોઈને પહેલો બાળક હસી પડ્યો આમ બાળકનો મોઢા ઉપર હાસ્ય લાવવાનો કેટલો બધો પ્રયત્ન!

એક મોટો સી.પી. બાળક ઉભા થઈને રમતમાં સામેલ ન હતો થઇ શકતો અને તેના હાવભાવ કહેતા હતા કે તેને રમવું છે તેવા સંજોગોમાં ત્રણ ચાર બાળકો તે બાળકને રમાડવા બાસ્કેટ બોલ અને રિંગમાંથી બોલ પસાર કરવાની રમત તેની જોડે લઇ આવ્યા અને તેને રમત રમાડી.

જમતી વખતે દરેક બાળક જોડે ત્યાંના બાળકો રહ્યા હતા, અને બાળકોને ખૂબ પ્રેમથી વાતો કરતા કરતા જમાડતા જોવા મળ્યા હતા. કેટલાક બાળકો પ્રભાતના બાળકો સાથે સેલ્ફી લેતા જોવામાં આવ્યા હતા.

રમત પછી ડાન્સ અને ત્યારબાદ બાળકો માટે જમવાનું રાખવામાં આવેલું જેમાં ગરમા-ગરમ ખીચડી અને છાસ જમવાની બાળકોને ખૂબ જ મજા પડી હતી. જમ્યા પછી બાળકોને ચોકબાર આઈસ્ક્રીમ પણ ખવડાવવામાં આવ્યો હતો.

છેલ્લે બધા બાળકો એકબીજાને બાય કરીને છુટા પડ્યા હતા, બધાનો સાથે ગ્રુપફોટો પાડવામાં આવેલો,

આમ બાળકોને સાચા અર્થમાં ચિલ્ડ્રન ડે ઉજવવા મળ્યો હતો.

રિવર સાઈડ સ્કૂલના સહયોગથી શારદા સંસ્થાની ટીમની પ્રભાત વિઝીટ (ટ્રેનિંગન ભાગરૂપે)

શારદા સંસ્થા એક N.G.O. છે અને તે સ્લમનાં બાળકોને ભણાવવામાં મદદ કરવાનું અને આર્થિક મદદ કરવાનું કાર્ય કરે છે,રિવર સાઈડ સ્કૂલમાંથી પ્રિતીમેમ સાથે શારદા સંસ્થામાંથી લગભગ 10 જેટલા ટીમ મેમ્બર્સ પ્રભાતની વિઝીટે આવ્યા હતા.

અને તેમણે પ્રભાત વિશે, બાળકો વિશે, ક્લાસરૂમ એક્ટીવીટી વિશે, જાણકારી મેળવી હતી ત્યારબાદ ઓફિસમાં તેઓએ પ્રભાતનો અર્લી ઇન્ટરવેસન અને હોમબેઝ ઇન્ટરવેસન વિશેનો વિડીયો જોયો અને પ્રભાત ટીમ સાથે ચર્ચા કરી હતી, તેમના અનુભવો શેર કર્યા હતા અને પ્રભાતના શિક્ષકો પાસેથી અનુભવો જાણ્યા હતા, પ્રભાતમાંથી કાશ્મીરાબેન સેન્ટર વિશે અને સ્કુલ પ્રોગ્રામ વિશે કિશોરભાઈએ માહિતી આપી હતી.

તેઓ પ્રભાતની કામગીરીથી ખૂબ જ પ્રભાવીત થયા હતા અને પ્રભાતના બાળકો સાથે કઈ રીતે જોડાઈ શકીએ તે અંગે ચર્ચા કરતા હતા.

# ઉત્સવ સેલીબ્રેશન

બાળકોને સામાજિક તહેવારોનો ખ્યાલ આવે તેનું મહત્વ સમજાય તેમજ ઘરે પણ તહેવારની ઉજવણીમાં ઇન્વોલ્વ થઇ શકે તે માટે સંસ્થામાં જુદા-જુદા તહેવારોની ઉજવણી કરવામાં આવે છે જેનાથી પરંપરાની સમજ ઉપરાંત રૂટિન એક્ટીવીટીથી કંઈક અલગ કરવામાં આવે એટલે બાળકોને ખૂબ જ મજા પડે છે.

રક્ષાબંધન

આ તહેવાર આવે તે પહેલા બાળકોની પાસે જાતે રાખડી બનાવડાવવામાં આવે છે અને સેલીબ્રેશનના દિવસે તેજ રાખડી બાંધવામાં આવે છે, બાળકો રોજ કરતા કંઈક અલગ જ સરસ રીતે તૈયાર થઈને આવ્યા હતા, બધા જ બાળકોને વટવા સેન્ટરમાં લાવવામાં આવ્યા હતા પૂરી પ્રભાત ટીમ પણ ત્યાંજ હતી, તે દિવસે નવા બનેલ રસોડાનું ઉદ્દ્ઘાટન પણ રાખવામાં આવેલું જેનું ઉદ્દ્ઘાટન પાયલબેન અને તેમના પરીવારનાં બીજા બહેનોએ કર્યું હતું, તેમણે બાળકોના રક્ષાબંધન કાર્યક્રમમાં ભાગ લીધો હતો, અને બાળકો સાથે પોતાનો કિંમતી સમય વિતાવ્યો હતો.



આ પ્રસંગને યાદગાર બનાવવા બીજો પણ એક પ્રસંગ તેમાં જોડવામાં આવેલો અને તેનો હેતુ પ્રભાત સ્થાપના દિનનું સેલીબ્રેશન પૂરી પ્રભાત ટીમ અને વેલવિશર હાજર રહ્યા હતા બાળકો સાથે સમય વિતાવવા ઉપરોક્ત પુરી પ્રભાત ટીમે સાથે ભોજન લીધું હતું, દરેકે પોતાનો પરિચય અને પોતાના પ્રભાતના અનુભવો વિષે વાત કરી હતી, પ્રભાતના યાદગાર પ્રસંગો નજર સામે ખડા થઇ ગયા હતા, નવા મિત્રોએ પ્રભાતના ઇતિહાસ વિષે જાણ્યું હતું, અને ખુબ સરસ ગેટ ટુ ગેધર કાર્યક્રમ થયો હતો, કાર્યક્રમના અંતમાં એન.આઈ.ડી. સ્ટુડન્ટ આવ્યા હતા જેમણે સ્પે. નીડ બાળકો (એડલ્ટ છોકરીઓ) માટે સેનેટરી પેડની ડિઝાઇન બનાવી હતી તેનું પ્રેઝન્ટેશન કર્યું હતું.



આમ એક સેલીબ્રેશનમાં ઘણી બધી વસ્તુ એડ થઇ અને આખો પ્રોગ્રામ એક બહુ ઉપયોગી પ્રોગ્રામ બન્યો હતો.

ગણપતિ સેલીબ્રેશન

સંસ્થામાં ગણપતિ સેલીબ્રેશનનો ખ્યાલ આવે તે માટે આર્ટ એન્ડ ક્રાફ્ટ દ્વારા ગણપતિ બનાવવામાં આવ્યા તેમજ ગણપતીની માટીમાંથી બનાવેલ ઈકોફ્રેન્ડલી મૂર્તિ બનાવવામાં આવી હતી, બાળકો દ્વારા પૂજા, આરતી, અને વિસર્જનની પ્રક્રિયા પણ કરાવવામાં આવી હતી, તે ઉપરાંત નજીકના એરિયામાં સ્થાપના કરેલ ગણપતી દર્શન કરવા પણ લઇ જવામાં આવ્યા હતા આમ આ તહેવારની ઉજવણી વિશે શીખવવામાં આવ્યું હતું.





# ટીચર્સ ડે સેલીબ્રેશન



તા. 05/11/2019 ના રોજ સંસ્થામાં અને હોમબેઝમાં સ્કૂલ પ્રોગ્રામમાં દરેક જગ્યાએ ટીચર્સ ડેનું સેલીબ્રેશન કરાવવામાં આવ્યું હતું, બાળકો ટીચર બન્યા હતા અને તેમણે સરસ રીતે ક્લાસ લીધો હતો, છોકરીઓ ટીચર બની હતી તેમણે ખુબ સુંદર સાડી પહેરી હતી અને પર્સ ભરાવીને આવી હતી ક્લાસ લેવા ઉપરાંત આ નાનકડા ટીચરોએ ઓફિસમાં મિટિંગ પણ કરી હતી.




સ્કૂલ પ્રોગ્રામમાં પણ બાળકો ટીચર બન્યા હતા અને તેમણે ક્લાસ લીધો હતો. હોમબેઝના બાળકો ટીચર બન્યા હતા અને તેમણે પોતાના મહોલ્લાના બાળકોને એકઠા કરીને શિક્ષણ કાર્ય કર્યું હતું.

શિક્ષકો પોતાની પ્રતિકૃતિ સ્વરૂપ નાનકડા શિક્ષકો જોઈને ખુબ જ ખુશ થયા હતા.

# નવરાત્રી સેલીબ્રેશન

કોમ્યુનિટીમાં H.B. Student ના ઘર પાસે નવરાત્રી સેલીબ્રેશન કરવામાં આવ્યું હતું.



# દિવાળી સેલીબ્રેશન

વટવા સેન્ટર, દાણીલીમડા સેન્ટર, સ્કૂલ પ્રોગ્રામ અને હોમબેઝ પ્રોગ્રામમાં જુદી જુદી જગ્યાએ બાળકોને દિવાળી સેલીબ્રેશન કરાવવામાં આવેલું હતું જેમાં બાળકોને ફટાકડા ફોડાવવા, રંગોળી પુરાવવી, દિવા મુકવા, દિવાળી વિશ કરવી તે દરેક પ્રક્રિયા કરાવવામાં આવેલી.



દર વર્ષની જેમ આ વખતે પણ પ્રભાતના બાળકો, શિક્ષકો અને વોલયન્ટર્સ સાથે મળીને દીવા પેઇન્ટિંગ કર્યું હતું, અને આ બાળકોએ બનાવેલ દીવા તમામ વેલવિશરો , પ્રભાત સાથે સંકળાયેલા સંસ્થા અને વ્યક્તિઓને ભેટ સ્વરૂપે આપવામાં આવેલાં.



આના દ્વારા બાળકો એ સમાજને એક મેસેજ આપેલો કે અમે જે દીવાની ભેટ આપી છે તે દીવા દ્વારા તમે સમાજમાં રોશની ફેલાવજો, જે દરેકના જીવનમાં અજવાળું લાવે અને અંધકારને દૂર કરે.

આમ જુદા-જુદા સેલીબ્રેશન દ્વારા બાળકોની જિંદગીમાં ખુશીઓનો રંગ ભરવામાં આવે છે.

# ક્રિસમસ સેલીબ્રેશન

## દાણીલીમડા



તા. 23/12/2019ના રોજ દાણીલીમડા સેન્ટરમાં ક્રિસમસ સેલીબ્રેશન કરાવવામાં આવ્યું. આ સેલિબ્રેશનની તૈયારી પણ શિક્ષકો અને બાળકોએ સાથે મળીને કરી. સૌથી પહેલા પ્રી-વોકેશનલ ક્લાસની છોકરીઓએ અને આર્ટ ટીચર શ્રી લક્ષ્મીબેને સાથે મળીને વેસ્ટ પ્લાસ્ટિકની બોટલમાંથી સાન્તાક્લોઝ બનાવ્યો હતો. શ્રી સેજલબેન

અને બીજા બાળકોએ ભેગા મળીને ક્રિસમસ ટ્રી બનાવ્યું હતું. જેમાં રંગબેરંગી નાની-નાની ગિફ્ટ, લાઈટ ભરાવવામાં આવી હતી. ક્લાસની સજાવટ બીજા બાળકો સાથે શ્રી નિકુલભાઈ અને શ્રી પૌલોમીબેને સાથે મળીને કરી હતી. બહુ જ બધા ફુગ્ગા ફુલાવવામાં આવ્યા હતા. સ્ટુડન્ટ અરબઝને સાન્તાક્લોઝ બનાવવામાં આવ્યો હતો. બાળકોને કલરફુલ ફુગ્ગા અને ચોકલેટ આપવામાં આવી હતી. શિક્ષકો અને બાળકોએ સાન્તાક્લોઝ જેવી ટોપી પહેરીને સાથે ફોટા પડાવ્યા હતા અને આ સેલિબ્રેશનને યાદગાર બનાવ્યું હતું.

## વટવા



તા. 24/12/2019ના રોજ વટવા સેન્ટરમાં ક્રીસમસ સેલીબ્રેશન કરાવવામાં આવ્યું હતું. બાળકો, શ્રી ભાવનીશાબેન અને શ્રી કાશ્મીરાબેને સાથે મળીને ક્લાસનું સરસ ડેકોરેશન કર્યું હતું. અને કલરફુલ ક્રીસમસ ટ્રી સજાવ્યું હતું. અને બાળકો તેમજ શાંતાક્લોઝે આસપાસના રહીશોને પણ ચોકલેટ વહેંચી હતી. અને શાંતાક્લોઝ અને બાળકોએ નજીકમાં ખૂલેલાં ઈ-એસ-આઈ દવાખાનની મુલાકાત લઈને ત્યાંના સભ્યોને પણ ચોકલેટ આપી હતી. આવીને બાળકોએ મ્યુઝિક સાથે ડાન્સ કર્યો હતો. અને આ સેલિબ્રેશનને ખૂબ જ માણ્યું હતું.

## હોમબેઝ




હોમબેઝ પ્રોગ્રામમાં તા. 24/12/2019ના રોજ કાર્તિક અને યશ બે નાના બાળકોને ત્યાં વિઝીટનો સમય હતો. તે દરમ્યાન શિક્ષકે તેમના ઘરે સેલીબ્રેશન કરાવ્યું હતું. સૌ પ્રથમ ટેબલેટમાં ઈસુમસીહાની વાર્તાનો વિડીયો બતાવ્યો હતો. ત્યારબાદ બંને બાળકોને ભીતના ટેકે બેસાડીને શાંતાક્લોઝ જેવી ટોપી પહેરાવી હતી અને જીંગલબેલના શાંતાક્લોઝ સાથેના ગીત ઉપર બાળકોએ ડાન્સ કર્યો હતો. ત્યારબાદ શિક્ષક, પેરેન્ટ્સ અને બાળકોએ સાથે મળીને વેફર અને ચોકલેટના નાસ્તાને ન્યાય આપ્યો હતો. આ રીતે આ બંને નાનકડા બાળકોએ ક્રીસમસ સેલીબ્રેશન માણ્યું હતું.

## સ્કૂલ પ્રોગ્રામ



તા. 24/12/2019ના રોજ સ્કૂલ પ્રોગ્રામની બી. કે. સ્કૂલમાં નાતાલનું સેલીબ્રેશન શ્રી હાર્દિકભાઈ દ્વારા કરાવવામાં આવ્યું હતું, બોર્ડ ઉપર સરસ મજાનું સાન્તાક્લોઝ અને ક્રીસમસ ટ્રીનું ચિત્ર દોરવવામાં આવ્યું હતું. એક નાના સ્પોનીડ બાળકને સાન્તાક્લોઝ બનાવવામાં આવ્યો હતો. બાળકોના હાથમાં રંગબેરંગી ફુગ્ગા આપવામાં આવ્યા હતા.

તેજ સ્કૂલના બીજા ક્લાસમાં ઘણા બધા બાળકોએ સાન્તાક્લોઝનો ડ્રેસ પહેર્યો હતો. બધા બાળકોએ સાથે મળીને ડાન્સ કર્યો હતો. કોઈ બાળકના હાથમાં સાન્તાક્લોઝવાળી પેન્સિલ તો કોઈના હાથમાં ફુગ્ગા તો કોઈના હાથમાં ક્રીસમસ ટ્રી જોવા મળતા હતા અને બાળકો ખૂબ જ ખુબ-ખુશાલ જણાતા હતા. તેમની સાથે બી.કે. સ્કૂલના ટીચર પણ જોડાયા હતા અને ખૂબ જ સરસ સેલીબ્રેશન કર્યું હતું.



# પ્લે થેરાપી

તા. 18/10/2019ના રોજ શ્રી રોબર્ટભાઈ દ્વારા પ્રભાત હોમબેઝના બાળકોને રમત દ્વારા એકટીવીટી કરાવીને તાલીમ



આપવાના કોન્સેપટથી પ્લે થેરાપીની શરૂઆત કરવામાં આવી.



આ કાર્યક્રમ શરૂ કરતા પહેલા શ્રી રોબર્ટભાઈ,હાર્દિકભાઈ અને કેયુરભાઈ હોમબેઝના જુદા-જુદા વિસ્તારની મુલાકાત લીધી અને નક્કી કરવામાં આવ્યું કે પ્રાયોગિક ધોરણે ક્યાં એરિયામાં શરૂઆત કરવી, અને સૌથી પહેલા તેમણે શાહવાડી વિસ્તારમાં આ પ્રવૃત્તિ ચાલુ કરવાનું વિચાર્યું, સૌ પ્રથમ ઉમંગ ફ્લેટમાં નજીક નજીકના એરિયામાં ત્રણ બાળકો રહે છે, આથી તે જગ્યાએ સ્પે.નીડ બાળકો અને આસપાસના બાળકોને સાંકળીને રમતો રમાડી અને જુદી-જુદી ફિઝિકલ રમતો અને મેન્ટલી એક્સેસાઈઝ થાય તેવી રમતો સિલેક્ટ કરીને બાળકો સાથે કાર્ય કર્યું, તેમની સાથે હોમબેઝ શિક્ષકો પણ જોડાયા હતા ને બધાએ ગ્રુપમાં કાર્ય કર્યું હતું.

# સ્કૂલ પ્રોગ્રામમાં ટીચર ટ્રેનિંગ

પ્રભાત એજ્યુકેશન ફાઉંડેશન દ્વારા સ્કૂલ પ્રોગ્રામ સાથે સંકળાયેલ સ્કૂલોમાં ક્લિનીકલ સાયકોલોજીસ્ટ શ્રી માલવભાઈ અને કિલ્લોલભાઈ દ્વારા ટીચર ટ્રેનિંગ આપવામાં આવી.

જે અંતર્ગત ટોટલ 11 સ્કૂલોમાં 169 શિક્ષકોને ટીચર ટ્રેનિંગ આપવામાં આવી.



જેમાં,
- સ્પેશિયલ નીડ બાળકોને કઈ રીતે આઈડેન્ટીફાય કરવા
- બીહેવિયર પ્રોબ્લેમ કઈ રીતે સોલ્વ કરવા
- પાછલી બેન્ચીસે બેસનાર બાળકને ના દેખાવાના પ્રશ્ન અંગે
- બાળકોના જિદ્દીપણા અંગે
- બેધ્યાન પણા પ્રત્યે
- બાળકને ઊંઘના પ્રશ્નો
- બાળકની એબીલીટી અનુસાર શિક્ષણ
- બાળકોને થતા ટેન્સન અંગે ચર્ચા કરવામાં આવી અને શીખવવામાં આવ્યું તે ઉપરાંત શીખવતી વખતે શિક્ષકને નડતી સમસ્યાઓ જેમકે,




* બાળકોને વારંવાર શીખવવા છતાં યાદ ના રહેવું
* બાળકનું ધ્યાન કેન્દ્રિત કરીને એક જગ્યાએ બેસાડવું
* પુનરાવર્તન વારંવાર કરાવવાની સમસ્યા
* કેટલાક બાળકો બીજાને ડીસ્ટર્બ કાર્ય કરે છે
* સમયસર ના આવવું
* બાળકનું જિદ્દીપણું
* બાળક દ્વારા પેરેન્ટ્સની અપેક્ષાની માંગ

વગેરે પ્રશ્નો અને સોલ્યુશન આપવામાં આવ્યા.

આ ટ્રેનિંગથી શિક્ષકો અને આચાર્યને ખૂબ જ સારો ફાયદો થયો ખાસ કરીને બાળકોની બીહેવિયર સમસ્યાને લગતા ઘણા પ્રશ્નોનું સોલ્યુશન થયું, શિક્ષકે બાળક સાથે કઈ રીતે વર્તવું જોઈએ? ક્યારે સ્ટ્રીક રહેવું જોઈએ અને ક્યારે પ્રોત્સાહન આપવું જોઈએ? બાળક ધ્યાન કેમ નથી આપતું તેના કારણો જુદી-જુદી પધ્ધતિથી કેવી રીતે શોધવા, બાળકને મારવું એટલા અંશે યોગ્ય છે, શિક્ષણને રસપ્રદ બનાવીને ભણાવવું વગેરે માર્ગદર્શનને કારણે શિક્ષકોને ઘણી જાણકારી મળી.

બધી જ સ્કૂલો માંથી આ ટ્રેનિંગનો ખૂબ જ સારો પ્રતિભાવ મળ્યો અને વારંવાર આવી ટ્રેનિંગ કરીને માર્ગદર્શન મળે તે માટે પણ રિક્વેસ્ટ કરવામાં આવી.

આમ આ ટ્રેનિંગ દ્વારા શાળાના શિક્ષકોને પોતાની કાર્યપધ્ધતિ , સ્ટુડન્ટ કાઉન્સિલિંગ અને પેરેન્ટ્સ કાઉન્સિલિંગ બધા પાસાને આવરી લઈને ટ્રેનિંગ આપવામાં આવી જેનો ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો.

# કેપેસીટી બિલ્ડીંગ:- (Internal)

સંસ્થાના શિક્ષકો જાતે તૈયારી કરી અને શીખવવાની ક્ષમતા પણ કેળવી શકે તે માટે ઓગસ્ટ, સપ્ટેમ્બર, ઓક્ટોમ્બર મહિનામાં સંસ્થાના શિક્ષકો અને થેરાપિસ્ટ દ્વારા ટ્રેનિંગ લેવામાં આવી, અને તે સંસ્થાના બધા જ શિક્ષકોએ અટેન્ડ કરી અને જુદા-જુદા વિષયો ઉપર અભ્યાસ થયો જેમાં,



હાર્દિકભાઈ દ્વારા- H.I.
રીનલબેન અને નિકુલભાઈ દ્વારા- V.I.
સેજલબેન દ્વારા- M.R.
સુરેખાબેન દ્વારા- Home-base T.L.M
કિરણભાઈ, કિશોરભાઈ, ભાવનીષાબેન, અને નમ્રતાબેન દ્વારા- દિલ્હી વિઝિટમાં શીખેલ સી.બી.આર. ટ્રેનિંગ
હાર્દિકભાઈ અને રીનલબેન દ્વારા- લોન્ગ સ્ટોરી શોર્ટ
ડો. કવિતાબેન દ્વારા- એ.બી.ટી. ટ્રેનિંગ
ડો. નિવેદિતાબેન દ્વારા- સીઝર ડીસઓર્ડર અને સી.પી. વિશે ટ્રેનિંગ થઈ હતી.



આમ સંસ્થાની વ્યક્તિ દ્વારા સંસ્થાના શિક્ષકોને તાલીમ આપવાનો કાર્યક્રમ ખૂબ જ સરસ રીતે ચાલેલો અને જેમાં જુદા-જુદા ફિલ્ડની માહિતી દરેક શિક્ષકને મળી હતી, અને ટ્રેનિંગ આપનાર શિક્ષકે ખૂબ જ સરસ રીતે પાવર પોઈન્ટ પ્રેસેંટેશન દ્વારા તૈયારી કરીને સારામાં સારી રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો.

# Prosthesis & Orthosis Unit

| Month | No. of Assesment | No. of Caliper distri. |
|---|---|---|
| August | 8 | 8 |
| September | 9 | 9 |
| Octomber | 5 | 5 |
| November | 3 | 3 |





# સી.બી.આર.

August to October month

1. મેડિકલ સર્ટી- 4
2. રેલવે પાસ- 5
3. એસ. ટી. પાસ- 16
4. ખેલ મહાકુંભના ફોર્મ ભર્યા- 93
5. સ્પે. ઓલમ્પિક- 13
   (ગયા વર્ષે ફાઈનલમાં આવેલ બાળકો)
6. યુ. ડી. આઈ. ડી. કાર્ડ- 78
7. સિબલિંગ સ્કોલરશીપ-









8. સાધન સહાય એસેસમેન્ટ- 126
9. વહીલચેર કેમ્પ- 21
10. લાયન્સ ક્લબ- 5
11. કપડાં વિતરણ-
12. કોડિયાં વિતરણ-

# કેપીસીટી બિલ્ડીંગ





(સંસ્થાના ટીચર્સે બહારની સંસ્થામાં જઈને ટ્રેનિંગ લીધી)

[A.] તા. 25/08/2019 ના રોજ સંસ્થામાંથી હાર્દિકભાઈ અને રીનલબેન નીમ વાળી ખાતે ટીચર ટ્રેનિંગ માટે ગયા, જેનો સબ્જેક્ટ હતો, ''long story short'' જેમાં ત્રણ સંસ્થાઓ એ ભાગ લીધો હતો, અને કુલ 25 પાર્ટીસીપેન્ટસે ભાગ લીધો હતો.

હાર્દિકભાઈ અને રીનલબેન નીમ વાડી ખાતે ટ્રેનિંગ લઇ આવ્યા હતા, તે પ્રભાતમાં આવીને પ્રભાત ટીચરોની સાથે ટ્રેનિંગમાં શીખેલ બધાજ વિષયો પ્રભાત ટીમ સાથે શેર કર્યા હતા જેમાં,

1. ગોળ સર્કલ ગોળ વસ્તુ એકબીજાને પૂછ્યા વિના કે જોયા વિના દોરવાની હતી અને તે દ્વારા શિક્ષણમાં કઈ રીતે વિચારતા કરવા અને ક્રિએટીવીટી બહાર લાવવી તે શીખવ્યું હતું.
2. બનવારી લાલની સ્ટોરી વિશે વાત કરી હતી તેમાં બનવારી લાલના ઘરમાં ચોર આવે છે ચોરી કરે છે છતાં બનવારી લાલ કાંઈ જ કરતા નથી, કેમ? તે વિશે તમે વિચારો બધા વિચારવા લાગ્યા અને ઉત્તર શોધવા પ્રેરાઈ અને શિક્ષણ રસપ્રદ બને.
3. જરૂરિયાત મુજબ ગીત કંઈ રીતે ક્રીએટ થઈ શકે તે શીખવ્યું હતું.
   ઈમોશન વીથ સોન્ગ
4. ઈમોશન વર્ક
5. બલૂન એક્ટીવીટી

તેમજ

આલ્બાર્ટ મહેરબીનને કહેલ શબ્દનું મહત્વ દર્શાવનાર સેન્ટ. ''Word 7%, Body language 55%, Voice modulation 33%=100%, '' વિશે ખુબજ સરસ માહિતી શેર કરી હતી.



[B.] સંસ્થામાંથી સુરેખાબેન, મનીષાબેન અને કેશવસરે ગુજરાત વિદ્યાપીઠમાં જઈને શ્રી રાજેશભાઈ ટંડન દ્વારા લેવાયેલ ટ્રેનિંગ એટેન્ડ કરી હતી જેમાં સ્પે. નીડ વ્યક્તિ અને તેની સાથે સંકળાયેલ વ્યક્તિના જીવનના અનુભવ વિશે વાત થઇ હતી જે સુરેખાબેન અને મનીષાબેને સંસ્થામાં શેર કંઈ હતી.

[C.] સંસ્થામાંથી કવીથામેમ B.M.institute માં એ.બી.ટી. ટ્રેનિંગ લેવાં માટે ગયેલા હતા આ ટ્રેનિંગમાં ૧૬ પાર્ટીસીપેટ હતા જેમાં ''આર્ટ બેઝ ટ્રેનિંગ'' કંઈ રીતે આપી શકાય તે શીખવવામાં આવેલું તેમાં લીધેલ ટ્રેનિંગ કવીથામેમે આવીને પ્રભાત ટીચર્સ સાથે શેર કરી હતી.

આ ટ્રેનિંગ એ.બી.ટી. આર્ટ બેઝ ટ્રેનિંગ કહેવાય છે, આ ટ્રેનિંગ નબીરાજસર દ્વારા conduct કરવામાં આવે છે જેમાં સ્ટોરીથી, ગેમથી, મ્યૂઝિકથી, કસરતથી, અને આર્ટ દ્વારા એજ્યુકેશનને Interesting બનાવવામાં શુ ટેકનીક વપરાય તે માટે ખુબ જ સરસ માહિતી અપાતી હતી, 8 દિવસ નો પહેલો વર્ક શોપ મે મહિનામાં હતો અને 8 દિવસનો બીજો વર્ક શોપ ઓક્ટોબર મહિનામાં હતો, આ વર્ક શોપ બાદ દરેક પાર્ટીસિપેન્ટ્સને પ્રોજેક્ટ આપવામાં આવેલો ત્યારબાદ ઓક્ટોબર મહિનામાં બીજો વર્ક શોપ યોજાયો અને તેના માટે પણ પ્રોજેક્ટ આપવામાં આવેલો છે જે પ્રોજેક્ટને ઓબ્ઝર્વ કરવા ત્યાંથી ટીમ મેમ્બર આવવના છે, આ ટ્રેનિંગ દ્વારા ખુબ જ સરસ માહિતી આપવામાં આવી છે, ટીચરોને પણ આ બાબતે શીખવામાં ખુબ જ મઝા આવી.

આ ટ્રેનિંગનો ઉપયોગ કવીથામેમ સ્કૂલ પ્રોગ્રામના બાળકો સાથે કરે છે અને બાળકો ખૂબ જ એન્જોય કરે છે.

# C.R.E training

તા. 2, 3 અને 4 નવેમ્બરના રોજ “National institute for Empowerment of person with multiple disabilities [N.I.E.P.M.D] Chennai અને પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનના સહયોગથી સ્ટેટ લેવલ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું.

જેનો મુખ્ય વિષય “Promotion of school mental health and counselling skills” હતો. આ વિષયના જુદા-જુદા પાસાઓ લઈને જુદા-જુદા એક્સપર્ટ દ્વારા સતત ત્રણ દિવસ ટ્રેનિંગ યોજાઈ હતી. આ ટ્રેનિંગ વટવા ખાતેના Indo German Tool Room માં રાખવામાં આવેલ હતી આ સંસ્થા એક ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ છે.

આ ટ્રેનિંગમાં 50 પાર્ટીસીપેટ ઉપરાંત સ્ટુડન્ટ્સ, વોલાયન્ટરસે ભાગ લીધો હતો.

તા। 02/11/2019ના રોજ સવારે 10 વાગે દીપ પ્રાગટ્ય, પ્રાર્થના અને પ્રાસંગિક પ્રવચનથી શરૂઆત થઈ હતી અને ત્યાર પછી વિષય નિષ્ણાંતે જુદા-જુદા વિષય ઉપર ચર્ચા દ્વારા શીખવવામાં આવ્યું. જેમાં શિક્ષકોએ પ્રશ્નો પૂછીને ઘણી માહિતી મેળવી હતી અને વિષય ઉપર ઘણું સરસ શીખવા મળ્યું હતું.

ત્રણે દિવસે મોર્નિંગ બ્રેકફાસ્ટ અને લંચની વ્યવસ્થા રાખવામાં આવી હતી. છેલ્લા દિવસ બહારથી ટ્રેનિંગ લેવા આવેલ શિક્ષકોએ કાર્યક્રમ અંગે પોતાનો ફીડબેક આપ્યો હતો.

દરેક પાર્ટીસીપેન્ટને સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું. ત્યારબાદ સૌ છુટ્ટા પડ્યા હતા.





# પેરેન્ટ્સ પાર્ટનરશીપ

વર્ષ દરમ્યાન જુદી જુદી સંસ્થામાંથી લીધેલ ટ્રેનિંગમાંથી શીખવા મળેલ વિષયનું સંસ્થામાં ઈમ્પ્લીમેન્ટ કરવું તેવા હેતુથી પેરેન્ટ્સ ટ્રેનિંગને મહત્વ આપીને પ્રભાતે તે અપનાવવા માટે શરૂઆત કરી અને પ્રભાતમાં પ્રાયોગિક ધોરણે ૬ પેરેન્ટ્સને સિલેક્ટ કરવામાં આવ્યા તે પેરેન્ટ્સને અઠવાડિયામાં બે દિવસ બાળકો સાથે કાર્ય કરવાની તક આપવામાં આવી . આ કાર્ય કરનાર પેરેન્ટ્સ હતા એટલે આ બાળકો સાથે કાર્ય કરવામાં તેમને વધારે મુશ્કેલી ના પડી અને ખુબ જ ઓછા સમયમાં કોઈ બહારથી આવેલ વ્યક્તિને અંદાઝ પણ ના આવે કે આ ક્લાસ લેનાર વ્યક્તિ પેરેન્ટ્સ છે, તેટલા સરસ ટ્રેઈન થઈ ગયા, અને તેમને થોડું ટેકનીકલ ખ્યાલ આવે તે માટે સંસ્થામાં પેરેન્ટ્સ ટ્રેનિંગ યોજવામાં આવી જેમાં દરરોજ જુદા-જુદા ટીચર દ્વારા અને બહારથી પણ ફેક્લ્ટી દ્વારા ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું.

જેમાં, એમ. આર. વિશે કાશ્મીરાબેન ઉપાધ્યાય

એચ. આઈ. વિશે હાર્દિકભાઈ ચાવડા

વી. આઈ. વિશે રીનલબેન સોલંકી

સી. પી. માટે ડો.મનીષભાઈ મિસ્ત્રી

Adolescent age question માટે ડો.નિવેદિતાબેન બિહેવિયર પ્રોબ્લેમ તેમજ સાયકલોજીક આસ્પેક્ટ માટે ડો.માલવભાઈ શાહ અને ડો.કિલ્લોલભાઈ એ. બ્રહ્મભટ્ટે લીધી હતી.



પેરેન્ટ્સે ખુબ જ ધગશ અને એકાગ્રતાથી શીખ્યું હતું અને સંસ્થા દ્વારા આ 6 પેરેન્ટ્સને સહાયક શિક્ષક તરીકે કાર્ય કરી શકે તેવા તૈયાર થયા અને ટ્રેનિંગ લીધા બાદ આજે આ પેરેન્ટ્સ બાળકો સાથે ખુબ જ સરસ રીતે કાર્ય કરી શકે છે.

PRABHAT
EDUCATION FOUNDATION

# પેરેટન્સ મિટિંગ

કવીથામેમ દ્વારા તા. 04/10/2019ના રોજ અર્શ સ્કૂલમાં પેરેન્ટ્સ મિટિંગ રાખવામાં આવેલ જેનો મુખ્ય હેતુ ચોમાસા બાદ બાળકોને કસરતમાં લઈને આવનાર પેરેન્ટ્સમાં અનિયમિતતા આવી ગઈ હતી તે બાબતે હતી, જેમાં 7 બાળકોના પેરેન્ટ્સ હાજર રહ્યા હતા અને કવીથામેમ બાળકોમાં આવી ગયેલ પ્રોગ્રેસ પાછો ન જાય અને પેરેન્ટ્સની અને સંસ્થાની મહેનત નિષ્ફળ ના જાય તે માટે દરેક પેરેન્ટ્સને રેગ્યુલર કસરતમાં આવવા માટે સમજાવ્યા હતા.

મીટિંગમાં અર્શ સ્કૂલના ટ્રસ્ટી શ્રી ને પણ આમંત્રણ આપવામાં આવેલું હતું સૌ પેરેટન્સ અને સંસ્થા વતી કવીથાબેને અને ટીચર્સે તેમની ઉમદા સેવા સંસ્થાને આપવા માટે તેમનો આભાર માન્યો હતો.

છેલ્લે બધા સાથે મળીને રમત રમ્યા હતા અને સૌ છુટ્ટા પડ્યા હતા.

અવર સ્ટાર કિડ્સ (સ્પોર્ટ્સ)

# સાંસ્કૃતિક કાર્યક્રમ

પ્રભાતના વટવા સેન્ટરના બાળકોને આર.કે. ડાન્સ એકેડમીકના વાર્ષિક સાંસ્કૃતિક સમારોહમાંથી આમંત્રણ આપવામાં આવેલું, આ ડાન્સ ગ્રુપની ટીમ વટવા સેન્ટરના બાળકોને સમર કેમ્પમાં વોલયન્ટરી ડાન્સ શીખવવા માટે આવે છે, અને પ્રભાતના બાળકોમાં ખૂબ ઊંડો રસ ધરાવે છે.

આ કાર્યક્રમમાં પ્રભાતના 15 બાળકોએ સ્ટેજ પર્ફોમન્સ કર્યું હતું અને એટલું સરસ પર્ફોમન્સ હતું કે પ્રભાતના ડાન્સના પૂરા સમય દરમ્યાન ઓડીયન્સે ઉભા થઈને તાળીઓથી બાળકોને બિરદાવ્યા હતા, અને પ્રભાતના બાળકોનું કોન્ફીડન્સ તે વખતે અદ્ભુત હતો, ડાન્સના ઓર્ગેનાઈઝરના માતૃશ્રી પણ ત્યાં હાજર હતા, અને તેમની આંખમાં આ બાળકોને જોઈને આંસુ આવી ગયા હતા.

# ડાન્સ પ્રોગ્રામ

તા. 3જી ડિસેમ્બરે વિશ્વ વિકલાંગ દિનની ઉજવણીના ભાગરૂપે તા.1લી ડિસેમ્બરે 'અંધ કલ્યાણ કેન્દ્ર' સંસ્થા રાણીપ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં 9 જેટલી સંસ્થાઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમ માટે પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનને પણ આમંત્રણ હતું. તેને માન આપીને પ્રભાતના દાણીલીમડા સેન્ટરના 12 બાળકોએ પોતાની સાંસ્કૃતિક કૃતિ રજૂ કરી હતી જેમાં 'આઈ લવ માય ઇન્ડિયા' ગીત ઉપર રજૂઆત કરી હતી. બાળકોએ રાષ્ટ્રધ્વજના કલરનો ડ્રેસ પહેર્યો હતો અને ભરપૂર આત્મવિશ્વાસ સાથે પર્ફોમન્સ કર્યું હતું.

બાળકોને આ પર્ફોમન્સ માટે તૈયાર કરવા શિક્ષક શ્રી હાર્દિકભાઈ, શ્રી સેજલબેન, શ્રી રીનલબેન અને શ્રી નિકુલભાઈએ સખત મહેનત કરી હતી. પર્ફોમન્સના દિવસે બાળકોને પ્રોત્સાહન આપવા આ ચાર શિક્ષકો ઉપરાંત શ્રી પૌલોમીબેન, શ્રી કાશ્મીરાબેન અને શ્રી કેશવસર હાજર રહ્યા હતા.

કાર્યક્રમના અંતે ભાગ લેનાર દરેક બાળકને એક સરસ લંચબોક્સ અને 100 રૂ. પ્રોત્સાહન સ્વરૂપે આપવામાં આવ્યા હતા. અને આ બાળકોને પર્ફોમન્સ માટે સરસ તૈયારી કરાવનાર શિક્ષકોને દરેક સંસ્થા દીઠ 500 રૂ. નું પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.



# અવેરનેસ રેલી



3જી ડિસેમ્બરે વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણીના ભાગરૂપે પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા જન-જાગૃતિ કાર્યક્રમના ભાગરૂપે તા. 02/12/2019ના રોજ એક રેલીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પ્રભાતના બાળકો, વાલીઓ,સન સ્કૂલના બાળકો, બી.કે. સ્કૂલના બાળકો તેમજ આસપાસના રહીશો અને સામાજિક આગેવાનોએ ભાગ લીધો હતો. સવારના 10-00 વાગ્યાના સમયે પ્રભાતના બાળકો અને સન સ્કૂલ તેમજ બી.કે. સ્કૂલના બાળકો તૈયાર થઈને આવી ગયા હતાં. દરેક બાળકમાં એક અનોખો ઉત્સાહ જોવા મળતો હતો. પ્રભાતના બાળકો આટલા બધા બીજા મિત્રોને જોઈને ખુશ-ખુશાલ થઇ ગયા હતાં. સૌથી આગળ બે શણગારેલા બળદગાડામાં પ્રભાતના સીવીયર બાળકો બેઠા હતાં. તેની પાછળ બે-બેની હરોળમાં ખૂબ જ લાંબી કતાર થઇ હતી. એરિયાના ભાજપના પ્રમુખ શ્રી સત્યમભાઇ પટેલે લીલી ઝંડી ફરકાવીને રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. જોરદાર ઢોલ, નગારાં, મંજીરા અને પીપુડાંના અવાજ સાથે રેલીએ પ્રસ્થાન કર્યું હતું. બાળકો બેનર લઈને ચાલતા હતાં તો શિક્ષકો અને વોલયન્ટર્સ પત્રિકાઓ વહેંચતા હતાં.અને બાળકો ખૂબ જ મોટા અવાજો સાથે નારા લગાવતા હતાં.

આ રેલીમાં વટવા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર સાહેબ અને પોલીસ ટીમ પણ સાથે રહીને સાથ સહકાર આપવા ઉપરાંત બાળકોને ઉત્સાહ વધાર્યો હતો. અને આ અવેરનેસ કાર્યક્રમમાં પોતાનું યોગદાન આપ્યું હતું.

સતત વાંજીત્રોના અવાજ અને નારાથી બાળકો રસ્તા પરથી પસાર થતી તમામ વ્યક્તિનું ધ્યાન પોતાના તરફ આકર્ષવા પ્રયતન કરતા હતાં,અને પોતાના હાથમાં રહેલા સૂત્રો લખેલા બેનર વંચાવતા હતાં. દૂર ઉભેલા રહીશોને દોડી જઈને પત્રિકા આપી આવતા હતાં.




આ રેલી "વિશ્વ વિકલાંગ દિન"ના ભાગરૂપે કાઢવામાં આવી હતી. તેમાં ખૂબ વિશેષ મેસેજ હતાં કે ક્યાં વિષય ઉપર ધ્યાન આપવામાં ના આવે તો સમાજ વિકલાંગ બની શકે તેના માટે, "સ્વચ્છતા અભિયાન", "બેટી બચાઓ બેટી પઢાઓ", "મહિલા શસક્તિકરણ" વગેરે વિષયો ઉપર પણ અવેરનેસ કરવામાં આવી હતી. રેલીએ લગભગ 2 કિલોમીટરના અંતર સુધી સફર કરી હતી,અને સૂત્રોચ્ચાર,બેનર અને પત્રિકાઓ દ્વારા

હજારો વ્યક્તિઓ સુધી અવેરનેસ ફેલાવી હતી. છેલ્લે બધાએ મળીને પૌઆ-બટાકાનો નાસ્તો કર્યો હતો અને સૌ છુટ્ટા પડયા હતાં.

આમ આ રેલીને સફળ બનાવવા માટે ભાજપ પ્રમુખ શ્રી સત્યમભાઇ પટેલ, વટવા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર સાહેબ અને પોલીસ ટીમ, સન સ્કૂલ અને બી.કે. સ્કૂલના શિક્ષકો, બાળકો અને આસપાસના રહીશોએ અદ્ભૂત સાથ અને સહકાર આપ્યો. જેના માટે સંસ્થા તેમની ખૂબ જ આભારી છે.

# બર્થ ડે સેલીબ્રેશન



તા. 14/12/2019 ના રોજ શ્રી જમનાદાસ પરિવારના વડીલ અને અંધ કલ્યાણ કેન્દ્રના ટ્રસ્ટી શ્રી કુમુદબેનના બર્થડેનું સેલીબ્રેશન પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનના બાળકો સાથે કરવામાં આવ્યું હતું. જેમાં જમનાદાસ પરિવાર, તેમની ટીમ અને શુભેચ્છકો હાજર રહ્યા હતા, અને બાળકો સાથે ખૂબ આત્મીયતાથી મન મુકીને સેલીબ્રેશન કર્યું હતું.

શ્રી જમનાદાસ પરિવાર ટીમના ૬ ટીમ મેમ્બર સવારથી જ તૈયારી માટે વટવાના પ્રભાત સેન્ટરમાં આવી પહોંચ્યા હતા. આખા પ્રભાત સેન્ટરને પ્રસંગ અનુસાર ખૂબ જ સરસ શણગારવામાં આવ્યું હતું. આખા વાતાવરણમાં ઉત્સાહ છવાઈ ગયો હતો. બાળકોના મનમાં કુતુહલ હતું કે આજે કોઈ પ્રોગ્રામ છે અને બાળકો તેના ઈંતજારમાં હતા.

આ પ્રોગ્રામ માટે બાળકોએ સરસ પર્ફોમન્સ તૈયાર કર્યું હતું. અને બાળકો માટે અને આવનાર મહેમાન માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.



બરાબર 11.00 વાગે જમનાદાસ પરિવાર અને તેમના 25 જેટલા ટીમ મેમ્બર્સ વટવા આવી પહોંચ્યા હતા. જ્યાં પૂરી પ્રભાત ટીમે તેમનું સ્વાગત કર્યું હતું. શ્રી કેશવસર, શ્રી પ્રણવસર અને શ્રી કાશ્મીરાબેને તેમને વટવા સેન્ટરના બધા જ વર્ગોની મુલાકાત કરાવી હતી. અને બાળકોના બુટ બનાવવાની પ્રક્રિયાથી લઈને E.I., પ્રાયમરી ક્લાસ, પ્રીવૉકેશનલ ક્લાસ, રસોડું, પ્રાર્થના હોલ અને ઑફિસની મુલાકાત કરાવી હતી અને બધા જ વર્ગો વિશે માહિતી આપી હતી. શ્રી કુમુદબેન અને તેમના હસબન્ડ તેમજ શ્રી ધવલભાઈ બાળકોની પ્રવૃત્તિમાં અને બાળકોમાં ખૂબ જ સરસ રસ લઈ રહ્યા હતા, અને જાણકારી મેળવતા હતા.

બધા ક્લાસની મુલાકાત બાદ બધા બાળકોને બહાર લાવીને શિસ્તબદ્ધ બેસાડવામાં આવ્યા હતા. અને આસપાસ આવેલ મહેમાનો ગોઠવાઈ ગયા હતા. બાળકોને ચોકલેટ, ટોપી, પીપુડાં વગેરે આપવામાં આવ્યા હતા, અને તાળીઓના ગડગડાટ સાથે કેક કાપવામાં આવી હતી. ત્યારબાદ વટવા સેન્ટરના બાળકોએ તૈયાર કરેલ પર્ફોમન્સ કરવામાં આવ્યું હતું. શ્રી કુમુદબેને પોતાની બર્થડે પ્રભાતના બાળકો સાથે ઉજવવા માટે ખુશી વ્યક્ત કરી હતી.



શ્રી જમનાદાસ પરિવાર તરફથી બાળકો માટે મોટી ખાનાંવાળી ડીનર પ્લેટ, ગ્લાસ, ચમચી, ક્રેયોન જેવી વસ્તુઓ આપવામાં આવી હતી. જમનાદાસ પરિવારના ટીમ મેમ્બર્સે જાતે બાળકોને જમવાનું પીરસ્યું હતું અને બાળકોને ખૂબ જ પ્રેમથી જમાડયા હતા, ત્યારબાદ ટીમ મેમ્બર્સ અને પ્રભાત ટીમે સાથે ભોજન લીધું હતું. અને બાળકો અને આવેલ મહેમાન મીઠા સંસ્મરણો સાથે છુટા પડયા હતા.

તા. 14/12/2019 ના રોજ ના બાળકની પણ બર્થડે ઉજવવામાં આવી હતી.

**ડૉ. નેહાબેન**



તા. 11/12/2019ના રોજ ડો. નેહાબેનનો જન્મદિવસ હતો. જેનું સેલીબ્રેશન તેઓએ બાળકો સાથે કર્યું હતું. તેમના મેરેજ પછીના આ પ્રથમ બર્થડેમાં તેમના હસબન્ડ પણ સામીલ થયા હતા. તેમને બાળકો સાથે કેક કાપી હતી. અને ડો. નેહાબેન અને તેમના હસબન્ડે બાળકોને પોતાની જાતે પીરસીને ખૂબ જ પ્રેમ અને આત્મીયતાથી ભાજીપાઉં ખવડાવ્યા હતા.

ડો. નેહાબેનને પ્રભાત તરફથી ખૂબ ખૂબ શુભેચ્છા.

# ટીમ અપડેટ



તા. 30/11/2019 ના રોજ ડો.નેહાબેનના મેરેજ હતા. પૂરી પ્રભાત ટિમ તરફથી તેમના લગ્નપ્રસન્ગ ખૂબ -ખૂબ શુભેચ્છા.
તા. 12/12/2019 ના રોજ ડો. મનીષભાઈના મેરેજ હતા. પૂરી પ્રભાત ટિમ તરફથી તેમના લગ્નપ્રસન્ગ ખૂબ -ખૂબ શુભેચ્છા.





'વધુ અભ્યાસ અર્થે વિદેશગમન'.
કાશ્મીરાબેન અને અર્થને પ્રભાત
ટીમના ખૂબ-ખૂબ અભિનંદન.



**"મેરે ઘર આઈ એક નહીં પરી"**
આ પંક્તિ જેનું દીલ ગાઈ રહ્યું છે તે ભાગ્યશાળી પિતા પ્રણવસરને દીકરી ના જન્મની ખૂબ-ખૂબ શુભકામના.

# ટીચર ટ્રેનિંગ

કેશવસરઃ- બાલા સિનોરમાં માતૃછાયા સંસ્થામાં પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી શ્રી કેશવસર મૂલ્યાંકન માટે ગયા હતા. આ સંસ્થામાં ગ્રામ્ય વિસ્તારમાં ચાલતી નાની-નાની સ્કૂલના ટીચર્સને ટ્રેનિંગ આપવાનું આયોજન હતું. તે માટે મૂલ્યાંકન બાદ તા.28/09/2019 ના રોજ આયોજન કરવામાં આવ્યું, જેમાં ગ્રામ્ય ટીચર્સને ક્લાસરૂમ મેનેજમેન્ટ ઉપર શ્રી કેશવસર દ્વારા તાલીમ આપવામાં આવેલી હતી.



રોબર્ટભાઈઃ- તા. 13/12/2019 નાં રોજ શ્રી રોબર્ટભાઈ દ્વારા inclusive એજ્યુકેશન અને પ્લે-થેરાપી ઉપર પ્રેસેંટેશન કરીને પ્રભાત ટીમને સમજાવ્યું હતું. જેમાં

ઈંક્લુશિવ એજ્યુકેશન માં તેમણે exclusion, separation, integration અને inclusion એજ્યુકેશનનાં પ્રકાર વચ્ચે શું તફાવત છે. ક્યુ એજ્યુકેશન ફાયદાકારક છે તે વિશે ખૂબજ સરસ સમજાવટ કરી હતી.



તેઓ પ્રભાતમાં સ્કૂલ પ્રોગ્રામમાં પ્લે થેરાપિનું કાર્ય કરવાના છે. તેના ફ્યુચર પ્લાનના ભાગરૂપે પ્લેથેરાપી, તેના પ્રકાર, ક્યા ક્યા પ્રકારે આ થેરાપી થાય, કોણ આપી શકે તે વિશે સરસ માહિતી આપી હતી. અને પોતે કરવાના કાર્ય એટલે કે પ્લે થેરાપિ પ્રભાતના સ્કૂલ પ્રોગ્રામનાં બાળકો સાથે કેવી રીતે Implement કરવી તે માટે બધાના અભિપ્રાય જાણ્યા હતા, અને ચર્ચા કરી હતી. તેના ભાગરૂપે પ્રણવસરે સ્પે.એજ્યુકેશનના 7 એરિયા કવર થયા તે પ્રકારની રમતનુ લીસ્ટ અને તે કેવી રીતે રમાડી શકાય તેનુ પ્રેસેંટેશન પ્રભાત ટીમને કરવાનું જણાવ્યું હતું. જે મુજબ પ્રભાત ટીમનાં દરેક મેમ્બરે બે-બેનાં ગ્રુપમાં વહેંચાઈને રમતોનું લીસ્ટ બનાવ્યું હતું અને કેવી રીતે રમાય તે શ્રી રોબર્ટભાઈ સાથે તા. 18, 19 ના રોજ રમીને બતાવ્યું હતું. અને રોબર્ટભાઈ એ પણ ફોરેનમાં રમાડાતી રમત શિક્ષકોને રમાડી હતી. અને આ દ્વારા ઘણી બધી રમતોનું લીસ્ટ તૈયારીનાં ભાગરૂપે તૈયાર થયું હતું .



**ક્લ્લોલભાઈ** તા. 21/12/2019 ના રોજ સ્કૂલ પ્રોગ્રામમાં ડો. ક્લ્લોલભાઈ દ્વારા શક્તિ વિદ્યાવિકાર સ્કૂલના ટીચર્સને ટ્રેનિંગ આપી હતી. જેમાં લર્નિંગ ડિસએબીલીટીવાળા બાળકોને શિક્ષણ કઈ રીતે આપવું તે વિશે ચર્ચા કરવામાં આવી હતી.

# C.R.E. TRAINING

તા. 13/12/2019નાં રોજ ભાવનીશાબેન,કિશોરભાઈ અને કેયુરભાઈ C.R.E. ટ્રેનીગમાં ગયા હતા, અને 14/12/2019નાં રોજ કાશ્મીરાબેન અને કેયુરભાઈ C.R.E. ટ્રેનિંગમાં ગયા હતા.

# ગુજરાત વિદ્યાપીઠ મીટીંગ

તા. 17/12/2019 ગુજરાત વિદ્યાપીઠ ખાતે અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠ સાથે સંકળાયેલ સંસ્થાના કે એજન્સીનાં સંચાલકો અને પ્રતિનીધીઓને બેઠક યોજાઈ હતી જેમાં પ્રભાતમાંથી શ્રી કેસવસર અને શ્રી કાશ્મીરાબેને ભાગ લીધો હતો. જેમાં અમદાવાદની જુદી-જુદી સંસ્થાઓ જેમકે પર્યાવરણ મિત્ર,હેલ્પ એન્ડ કેર ફાઉન્ડેશન, જિલ્લા બાળ સંસ્થા એકમ અને પ્રભાત એજયયુકેશન ફાઉન્ડેશન સંસ્થાએ ભાગ લીધો હતો. ગુજરાત વિદ્યાપીઠ સ્ટુડન્ટસનું પ્લેસમેન્ટ કરવામાં આવે છે. તેમની કાર્યવાહી અંગે ફીડબેક વિશે અને એક સંસ્થાનો બીજી સંસ્થા સાથેનો સંબંધ મજબૂત બને તે હેતુથી આ બેઠક યોજાઈ હતી. જેમાં સ્ટુડન્ટસને સોંપવાના અને કરવાનાં કાર્યોની ચર્ચા થઈ હતી. સંસ્થામાંથી કેશવસર અને કાશ્મીરાબેન સ્ટુડન્ટસનાં અને ગુજરાત વિદ્યાપીઠના કાર્ય અંગે ફીડબેક આપવામાં આવ્યો હતો.

# રક્ષાબેન વિઝીટ

તા. 18/12/2019 નાં રોજ રક્ષાબેન ત્રણ હોમબેઝ કેસ એક ફિઝિયો થેરાપીસેન્ટર અને બે સ્કૂલની વિઝીટ કરી હતી.



હોમબેઝમાં નારોલગામમાં તેમણે હોમબેઝ સ્ટુડન્ટ અશરફ ને ત્યાં, શાહવાડી વિસ્તારમાં છાયાને ત્યાં અને બેરલમાર્કેટ ઈમરાનને ત્યાં વિઝીટ કરી હતી, તદઉપરાંત શાહવાડી વિસ્તારમાં રેઈનબો સ્કૂલમાં ફીઝીયોથેરાપી સેન્ટરમાં વિઝીટ કરી હતી અને ડેનીસબેન પાસેથી ફીઝીયો થેરાપી કરાવવા આવતા બાળકો વિશે જાણકારી મેળવી હતી. ત્યારબાદ નંદીશ સ્કૂલ અને વંદેમાતરમ સ્કૂલની વિઝીટ કરી તેમને બાળકોની કાર્યવાહી જોઈ હતી અને શિક્ષક સાથે ચર્ચા કરી હતી. નંદીશ સ્કૂલ સ્કોલરશીપ લાભાર્થી બાળકો વિશે જાણ્યું હતું અને પ્રિન્સીપાલ સાહેબ સાથે વાતચીત કરી હતી.

# સ્ટોરી ટેલીંગ

તા. 03/12/2019ના રોજ વિશ્વ વિકલાંગ દિવાસના ભાગરૂપે શ્રી સારાબેન, શ્રી ગૌરીબેન અને લીવીંગ વોટર મ્યુઝિયમ ટીમ દ્વારા સરખેજ રોજા ઉપર સ્ટોરી ટેલીંગ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. અને તેમાં પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનના વટવા સેન્ટરના બાળકોએ ભાગ લીધો.

આયોજક તરફથી બાળકોને વટવા સેન્ટર ઉપર લેવા અને મુકવા માટે બસની વ્યવસ્થા કરવામાં આવી હતી તેમાં 50 જેટલા સ્પે. નીડ બાળકોએ ભાગ લીધો હતો.



પ્રખ્યાત સ્ટોરી ટેલર ગૌરીબેને બાળકોને ખૂબ જ સરસ રીતે વાર્તા કહી હતી જેમાં સ્ટોરી કહેવાની અદ્ભૂત કલા દેખાઈ રહી હતી. દરેક પ્રસંગનું દ્રશ્ય ઉભું કરવું, એક એક બાળકને ઈન્વોલ્વ કરવું, અને બાળકોને ખુશખુશાલ ક-રી દેવું. આ બાબત ખૂબ અદ્ભૂત હતી. આના ઉપરથી શિક્ષકોને પણ ખૂબ સરસ શીખવા મળ્યું હતું કે બાળકને કઈ રીતે શીખવાડવુ જોઈએ.

આખા કાર્યક્રમ દરમ્યાન બાળકોએ ખૂબ સરસ રીતે આનંદ કર્યો હતો અને બાળકો વાર્તામાં શુ કહેવા માંગે છે તે સરળતાથી સમજી શક્યા હતા.

# N.I.D સ્ટુડન્ટ

તા. 03/12/2019 ના રોજ દાણીલીમડા સેન્ટરમાં N.I.D સ્ટુડન્ટ સૃષ્ટિબેન દ્વારા બાળકોને ક્લેવર્ક કરાવવામાં આવ્યું - ળક ફાઇનમોટરહતું અને ક્લે વર્ક દ્વારા બાexercise identification, સેન્સરી સાથે લર્નિંગ શીખ્યું હતું.

# Buddy કાર્યક્રમ

**Rachna school:** તા.07/12/2019 ના રોજ buddy કાર્યક્રમના ભાગરૂપે વટવા અને દાણીલીમડા સેન્ટરના બાળકોને રચના સ્કૂલમાં લઈ જવામાં આવ્યા. રચના સ્કૂલના ધોરણ ....ના બાળકોએ પ્રભાતના બાળકો સાથે સંગીત, રમત વગેરે એક્ટીવીટી પોતાના buddy સાથે કરી હતી. અને પ્રભાતના બાળકો સાથે ખૂબ જ એન્જોય કર્યુ હતું.

**Riverside school:** તા.09/12/2019 ના રોજ buddy interaction





કાર્યક્રમના ભાગરૂપે રીવરસાઇડ સ્કૂલના ધોરણ 6ના બાળકો અને શિક્ષકો દાણીલીમડા સેન્ટરમાં આવ્યા હતા. તેઓએ સૌથી પહેલા ગ્રૂપમાં બેસીને કેશવસર પાસેથી અને સંસ્થાના શિક્ષક પાસેથી દાણીલીમડા સેન્ટરના બાળકો વિશે માહિતી મેળવી હતી અને ત્યારબાદ બાળકોએ પ્રભાતના buddy સાથે તેમને શુ પસંદ છે તે સમજવાનો પ્રયત્ન કર્યો હતો. અને પોતાના buddy ની પસંદગી મુજબ રમત, આર્ટ એન્ડ ક્રાફ્ટ, એકેડેમીક જેવી પ્રવૃત્તિ કરીને buddy ની સાથે દોસ્તીની શરૂઆત કરી હતી.

**Podar international school:** પોદાર સ્કૂલના બાળકોએ વટવા સેન્ટરના બાળકો સાથે આર્ટ એન્ડ ક્રાફ્ટ અને રમત એક્ટિવિટી દ્વારા કાર્ય કર્યું હતું.



# N.R.I.P સ્ટુડન્ટ ફિઝિયોથેરાપી

તા.23/12/2019 ના રોજ N.R.I.P ફિઝિયોથેરાપી સ્ટુડન્ટ્સની નવી બેચ અર્શ સ્કૂલમાં ટ્રેનિંગ અર્થે આવી અને તેઓ 15 દિવસ અર્શ સ્કૂલમાં ડો. કવીથાબેન સાથે ફિઝિયો બાળકો સાથે કાર્ય કરીને તાલીમ મેળવશે. આ બેચમાં સ્ટુડન્ટ્સ સાથે તે કોલેજના પ્રોફેસર ડો. નીધીબેન અને ડો. દર્શનાબેન પણ સ્ટુડન્ટ્સ સાથે આવીને સ્ટુડન્ટ્સને ટ્રેનિંગ આપે છે.

# રાત્રિ રોકાણ પ્રવાસ
# "એન્વાયરોમેન્ટ કેમ્પ"



તા.27 અને 28 ના રોજ પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા રાત્રિ રોકાણ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં 46 બાળકો અને 15 શિક્ષકો અને વોલીયન્ટર્સે ભાગ લીધો હતો પ્રવાસમાં "મીની પાવાગઢ "અને "મીની અમરનાથ "નું સ્થળ પસંદ કરવામાં આવેલ હતું.

બાળકો સવારે 10 વાગ્યા થી જ તૈયાર થઈને સંસ્થામાં પોતાની બેગ લઈને આવી ગયા હતા. બેગમાં શું શું વસ્તુ લાવવી તેની સૂચના શિક્ષકે પેહેલેથી પેરેન્ટસને લખીને મોકલી હતી. વટવા સેન્ટરમાં બાળકોને જમાડવામાં આવ્યા હતા અને ત્યારબાદ બાળકોની ધમાલ, મસ્તિ અને ડાન્સ સાથે આ સફર શરૂ થઈ હતી. બાળકો ડ્રાયવર અંકલને જુદા જુદા ગીતો વગાડવાની ફરમાઈશ કરે જતા હતા અને નવા નવા ગીતોની ધૂન સતત વાગે જતી હતી બાળકોનો આ અનોખો મૂડ ખરેખર માણવા લાયક હતો.

લગભગ ચાર વાગે સૌ મીની પાવાગઢ સ્થળે પહોંચી ગયા હતા. ચારે બાજુ પહાડ હતા અને વાતાવરણ એકદમ ખુશનુમા અને શાંત હતું. બાળકો બસમાંથી ઉતર્યા એવા જ તેમને બે-બે ની લાઈનમાં શિક્ષકો અને વોલિયન્ટર્સ નદી કિનારે લઇ ગયા હતાં. નદી કિનારાનું કુદરત સૌંદર્ય, ત્યાં મુકેલા રમતના સાધનો અને નદીની રેતનો ઉપયોગ કરીને બાળકોએ ભરપૂર આનંદ માણ્યો હતો. શિક્ષકો પણ બાળક બનીને કિનારે રમત રમ્યા હતા અને આસપાસના સ્થળોએ બાળકો સાથે ફર્યા હતા. બાળકોના આ ખુશીના તમામ પ્રસંગો ને કેમેરામાં સ્વીટ મેમરી તરીકે લેવામાં આવી હતી લગભગ 2 કલાક મઝા માણીને બાળકો ઉતારાના સ્થળે પાછા ફર્યા હતાં. થોડા શિક્ષકો બાળકોની સાથે રહ્યા હતાં અને બાકીના શિક્ષકો અને વોલેટિયર્સ સાથે મળીને ચુલા ઉપર ગરમાગરમ વેજીટેબલ ખીચડી બનાવી હતી બધાએ સાથે મળીને જમ્યા બાદ બાળકો અને શિક્ષકો ફરીથી નજીકનાં અંતરે ચાલવા ગયા હતા અને રાત્રિના સમયે ચાલવા જવાનો અને વાતાવરણનો અનુભવ મેળવ્યો હતો. લગભગ 10 વાગે ચાલીને આવ્યા બાદ ઠંડીનું પ્રમાણ વધી રહ્યું હતું. એટલે બાળકોને રૂમ ઉપર લઇ જઈને સુવડાવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.મોડી રાત્રે બાકીના સૌએ તાપણી કરી હતી અને ગરમાગરમ ચા ની મજા માણી હતી.



બીજે દિવસે બાળકો માટે ચા અને ગરમાગરમ મેથીના ગોટા બનાવવામાં આવેલા તેની મઝા માણીને બાળકોને નજીકમાં આવેલા સ્થળે ફરવા લઇ જવામાં આવ્યા હતાં જ્યાં બાળકોએ ખુલ્લા વાતાવરણમાં ખુબ જ મસ્તિ કરી હતી. ત્યાં બપોરે



મંદિરના વ્યવસ્થાપકે એ નજીકમાં આવેલા ભોંજનાલયમાં બાળકોને જમાડ્યા હતા. જમીને બાળકો બસમાં ગોઠવાઈ ગયા બાદમાં ત્યાંથી બાળકોને મીની અમરનાથ લઇ જવામાં આવ્યા હતા અને અમરનાથમાં બનેલી ગુફા બતાવવામાં આવી હતી. જોવાલાયક સ્થળની મુલાકાત બાદ ત્યાંની એક હોટલમાં બાળકોને પૌઆ બટાકાનો નાસ્તો કરાવવામાં આવ્યો હતો અને ગાડીમાં બેસી ગયા હતા અને બસ પરત આવવા રવાના થઇ હતી.

સાંજે 7:30 કલાકે બસ સેન્ટર ઉપર આવી ત્યારે બાળકોને લેવા વાલીઓ આવી ગયા હતા. બાળકો બસમાંથી ઉતરતાની સાથે જ વાલીને પ્રવાસની વાતો કહેવા લાગી ગયા હતા અને પ્રવાસનાં સંસ્મરણો વાગોળતા વાગોળતા ઘર તરફ રવાના થયા હતાં.

આમ આ પ્રવાસ સફળતા પૂર્વક પાર પડ્યો હતો.

# સ્પેશીયલ મહાકુંભ



આ વર્ષે અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠ ખાતે સ્પેશીયલ ખેલમહાકુંભનું આયોજન કરવામાં આવેલું જેમાં અમદાવાદની સ્પે.નીડ બાળકો સાથે કાર્ય કરતી સંસ્થાઓના અસંખ્ય બાળકોએ ભાગ લીધો હતો. દરેક બાળકો ખૂબ ગર્વ અને આત્મવિશ્વાસ સાથે આ રમતોત્સવમાં ભાગ લેવા પોતાની સંસ્થાના શિક્ષકો, વોલિયન્ટર્સ, અને પેરેન્ટ્સ સાથે મેદાનમાં ઉતર્યા હતા જેમાં પ્રભાતના બાળકો કઈ રીતે બાકાત હોય?

આ સ્પેશીયલ ખેલમહાકુંભમાં તા. 9 અને 11 ડિસેમ્બર એમ બે દિવસ પ્રભાતના બાળકો રમતમાં ભાગ લેવા ઉતર્યા હતા. દરેક બાળકોને શિક્ષકોએ ઘણા દિવસ અગાઉથી પ્રેક્ટીસ કરાવી હતી. જેથી બાળકો આત્મવિશ્વાસ પૂર્વકભાગ લઇ શકે. આ સ્પેશીયલ ખેલમહાકુંભમાં તા. 9ના રોજ 48 બાળકોએ એમ ટોટલ 54 બાળકોએ ભાગ લીધો હતો.



બાળકોને જવા આવવાનું ટ્રાન્સ્પોટેશન ખર્ચ સ્પે.ખેલમહાકુંભ દ્વારા તેમના ખાતામાં જમા કરવામાં આવેલું, જતાની સાથે બાળકોનું રજીસ્ટ્રેશન કરવામાં આવેલું, ત્યારબાદ મેદાનમાં જઈને બાળકો અને આવનાર તમામ લોકો માટે ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી અને બાળકોની જુદી-જુદી રમતો માટે જુદી-જુદી જગ્યાએ, રમતના જુદા-જુદા મેદાન બનાવવામાં આવ્યા હતા. દરેક બાળકને બેચ નંબર આપવામાં આવેલો જે તેમણે પહેરેલો રાખવાનો હતો. બેચ નંબર પહેરીને ભાગ લીધેલ રમતના મેદાન ઉપર બાળકે જવાનું રહેતું અને ગેમમાં ભાગ લેવાનો હતો. આમ દરેક પ્રતિક્રિયા ક્રમબદ્ધ રીતે આયોજીત કરવામાં આવેલ હતી. આથી બાળકો આસાનીથી ભાગ લઇ શકતા હતા. ત્યાં ઉપસ્થીત રહેલ તમામ લોકો બાળકોને પ્રોત્સાહન આપતા હતા અને તાળીઓ પાડીને વધાવતા હતા.



સ્પર્ધામાં ભાગ લીધા બાદ બાળક, પેરેન્ટ્સ અને આવેલ તમામ વ્યક્તિ માટે જમવાની વ્યવસ્થા પણ આયોજક તરફથી કરવામાં આવી હતી. પ્રભાતના 93 બાળકોના ફોર્મ ભરવામાં આવ્યા હતા જેમાં ભાગ લેવા માટે 54 બાળકો આવ્યા હતા જેમને નીચે મુજબ રમતોમાં ભાગ લીધો હતો.

બે દિવસના રમતોત્સવમાં તા.09/12/2019 ના રોજ 6 બાળકોએ ભાગ લીધો હતો જે 6 બાળકો અને પેરેન્ટ્સને લઈને શ્રી કિશોરભાઈ ગુજરાત વિદ્યાપીઠ ગયા હતા, જયારે બીજા દિવસે તા. 10/12/2019 ના રોજ વટવા સેન્ટરમાંથી શ્રી કાશ્મીરાબેન, શ્રી ભાવનીષાબેન, શ્રી નમ્રતાબેન, શ્રી મનીષાબેન, શ્રી કિશોરભાઈ અને દાણીલીમડા સેન્ટરમાંથી શ્રી સેજલબેન, શ્રી પૌલોમીબેન, શ્રી નિકુલભાઈ બાળકો સાથે ગુજરાત વિદ્યાપીઠ ખાતે હાજર રહ્યા હતા અને બાળકોને સ્પર્ધામાં ભાગ લેવડાવ્યો હતો. તા.10/12/2019ના દિવસે પ્રભાતના 48 બાળકોએ સ્પેશીયલ ખેલ મહાકુંભમાં ભાગ લીધો હતો.

જણાવતા ખૂબ જ આનંદ થાય છે. પ્રભાત એજ્યુકેશનના 8 બાળકો વિજેતા બન્યા હતા. 6 બાળકો દાણીલીમડા સેન્ટરમાંથી અને 2 બાળકો વટવા સેન્ટરમાંથી વિજેતા બન્યા હતા.
બાળકોએ ભાગ લીધેલ રમતની માહિતી -:

| | |
|---|---|
| 50 મીટર દોડ | 3 |
| 100 મીટર દોડ | 3 |
| સોફ્ટ બોલ થ્રો | 29 |
| 25 મીટર રન | 5 |
| 50 મીટર વૉક | 4 |
| 100 મીટર વૉક | 2 |
| બોચી | 2 |
| બાસ્કેટ બોલ | 5 |
| સાયકલિંગ | 1 |
| ગોળ ફેક | 1 |

| વિજેતા થયેલ બાળકો | | |
|---|---|---|
| કુરેશી આદિલ | 3rd | 25 મીટર દોડ |
| શેખ સમીના | 2nd | બાસ્કેટ બોલ |
| મલેક ફોઝીયા | 3rd | બાસ્કેટ બોલ |
| મલેક અક્ષા | 3rd | બાસ્કેટ બોલ |
| પટેલ રૂસદાબાનું | 3rd | બાસ્કેટ બોલ |
| શાહ સ્મિત | 2nd | સોફ્ટ બોલ થ્રો |
| સથવારા યાજ્ઞિક | 2nd | 100 મીટર વૉક |
| નિધી | 3rd | બોચી |

# "Our star kids"

**"હૌસલો સે જીત કી ઉડાન ભરનેવાલે પ્રભાત કે બચ્ચે"**

- આ વર્ષના દિવ્યાંગનગર રમતોત્સવ [મ્યુ.ની કોર્પોરેશન રમતોત્સવ] 2019માં યોજાયેલ રમતોમાં પ્રભાતના 28 બાળકોએ ભાગ લીધો હતો. જેમાં પ્રી.વૉકેશનલ વર્ગની છોકરીએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને નિશાનતાકમાં દ્વિતીય નંબર લીધો હતો અને તેણે પ્રભાતનું નામ રોશન કર્યું હતું.
- દિવ્યાંગ રમતોત્સવમાં દાણીલીમડા સેન્ટરનો બાળક અલ્તમસ પઠાણનો 50 મીટર દોડમાં તૃતીય નંબર આવ્યો હતો.
- બેરલ માર્કેટ સેન્ટરનો બાળક અન્સારી ઈરફાન બેઝબોલ ફેંકમાં તૃતીય અને રિંગ થ્રોમાં બીજો નંબર લાવ્યો હતો। આમ એક બાળકે બે જુદી-જુદી રમતમાં નંબર લાવીને પોતાની ક્ષમતાનો પરિચય આપ્યો હતો અને પ્રભાતનું નામ રોશન કર્યું હતું.








# સ્કૂલ પ્રોગ્રામ ડ્રોઈંગ કોમ્પીટીશન

| તારીખ | સ્કૂલનું નામ | બાળકોની સંખ્યા |
|---|---|---|
| 03/12/2019 | સનઈંગ્લીસ સ્કૂલ | - |
| 04/12/2019 | વંદેમાતરમ સ્કૂલ<br>2 થી 7 ધોરણના<br>બાળકોએ<br>ભાગ લીધો. 12 સ્પર્ધકોને<br>ઈનામ મળ્યા. | 70 |
| 05/12/2019 | શક્તિ સ્કૂલ | - |
| 06/12/2019 | મહાવીર હિન્દી મીડીયમ | 75 |
| 07/12/2019 | બાલકૃષ્ણ પ્રા.શાળા | 300 |
| 09/12/2019 | શ્રીજી કેલ્લા સ્કૂલ | 108 |
| 10/12/2019 | વિવેકાનંદ વિદ્યાલય<br>ડીવાઈન પબ્લિકસ્કુલ<br>સરસ્વતી મંદિર વિદ્યાલય | 150 |
| 11/12/2019 | નંદીશ સ્કૂલ | 50 |
| 12/12/2019 | આલીશાન સ્કૂલ | 107 |






વિશ્વ વિકલાંગ વીક નિમિતે જુદી-જુદી સ્કૂલમાં ચિત્ર સ્પર્ધા યોજી હતી જેમાં કે સામાજિક, કુદરતી દ્રસ્ય, તહેવાર, સીઝન અને સ્પેશિયલી એબલ બાળકો વિશેના ચિત્રો દોરવાંના વિષય આપવામાં આવ્યા હતા. બાળકોએ ખૂબ જ સરસ ચિત્રો દોર્યા હતા, અને તેમની ક્રિએટીવીટીનો પરિચય આપ્યો હતો.

જુદીજુદી સ્કૂલના આચાર્યએ પ-્રભાતની આ કામગીરીને બિરદાવી હતી. અને પ્રભાતના કાર્ય વિશે પોતાનો ફીડબેક આપ્યો હતો જે તેમના જ શબ્દોમાં નીચે મુજબ વર્ણવેલ છે-:



- મહાવીર ઈંગ્લીશ સ્કૂલ -:મેં મહાવીર ઈંગ્લીસ સ્કૂલ કા શિક્ષક પવનકુમાર. મેં પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન કા બહુત આભારી હું જિસને મેરે સ્કૂલ મેં આકે યે બહુત અચ્છા કામ કિયા. મેં આશા કરતા હું એસા હી સભી સ્કૂલમેં હોના ચાહીયે જીસસે કે આર્ટ કે ક્ષેત્ર મેં ઓર અન્ય ક્ષેત્ર મેં પ્રેરણા મિલે
- બાલકૃષ્ણ સ્કૂલ :- હું મન્સુરી અબ્દુલ સત્તાર પ્રિન્સિપાલ સંસ્કાર સ્કૂલ અને બી.કે. પ્રાયમરી સ્કૂલના ટ્રસ્ટી તરીખે પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા જે બાળકો માટે ડ્રોઈંગ કોમ્પિટિશન રાખવામાં આવી તેનાથી બાળકોની અંદર રહેલી શક્તિઓ છે તે સારી રીતે ખીલીને બહાર આવે છે. તેમને જે વિષયો આપ્યા તે આજના સમયને અનુરૂપ હતા. બેટી બચાવો, સેવ ધ ટ્રી, સેવ ધ વોટર, સ્વચ્છતા અભિયાન બાળકોએ બહુ સરસ ચિત્રો દોર્યા અને આવી કોમ્પિટિશન ભવિષ્યમાં થતી રહે તો તેનાથી બાળકોને બહુ ફાયદો થશે.
- શ્રીજી કેલ્લા:- ચિત્ર સ્પર્ધા પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા અર્જિત કિયા ગયા થા. પ્રભાત એજ્યુકેશન ટ્રસ્ટ કો ધન્યવાદ દેતા હું ઔર ઈસ તરહ કે કાર્યક્રમ હર સાલ રખે જીસસે બચ્ચો કા હોસલા બઢે ઔર ચિત્ર સ્પર્ધા કે જરીયે બચ્ચો મેં જો છુપી કલાએ હોતી હે ઉનકો ઉભરને કો મોકા મિલે ઈસ લિયે મેં બહુત સારી શુભકામના ઔર આભાર વ્યક્ત કરતા હું.



* વિવેકાનંદ સ્કૂલ:- મેં પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન કી ઓર સે મુજે જિમ્મેદારી મિલી થી હમે ડ્રોઈંગ કોમ્પિટિશન કા કામ કરના હૈ, ઓર યહાં સે આપણી સ્કૂલ વિવેકાનંદ હિન્દી હાઈસ્કૂલ કી ઔર સે, ડિવાઇન પબ્લિક સ્કૂલ કી ઔર સે એન્ડ સરસ્વતી વિદ્યામંદિર ગુજરાતી સ્કૂલ સે 150 બચ્ચોને ભાગ લીયા હૈ. યે કોમ્પિટિશન સે બચ્ચો કો ઇતના તો માર્ગદર્શન મીલતા હૈ કી હમે આગે ભવિષ્ય મેં કોનસી માનસીકતા, કોન સે તોર પે કામ કરના હૈ. સબ બચ્ચોને મુજે બતાયા કી ઇસ તરહ કી હરીફાઈ સે હમારા મેન્ટલ ડેવલપમેન્ટ ભી અચ્છા હોતા હૈ. પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન કા મેં ખૂબ ખૂબ આભારી હું કયો કી બચ્ચો કે માનસીક વિકાસ કે અંદર ઉનકા જો યોગદાન રહા હૈ વો બહુત સહી હૈ. આગે ઇસ તરહ કા કાર્યક્રમ લે કે આયેંગે ઉસમેં હમ સપોર્ટ કરેંગે.
* આલીશાન સ્કૂલ:- મારુ નામ વિલાસન મેકવાન હું આલીશાન સ્કૂલમાં શિક્ષક તરીકે કામ કરું છું. અમારી શાળામાં પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશને સારી એવી કામગીરી કરી બાળકોનો ઉત્સાહ જાહેર કર્યો અને એમની સ્કીલ સુધારી તો પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનનો આલીશાન સ્કૂલ તરફથી ખૂબ ખૂબ આભાર.

# અવિસ્મરણીય

દિવાળી વેકેશનને લગભગ ત્રણ-ચાર દિવસની વાર હતી. અને શિક્ષક હોમબેઝ સ્ટુડન્ટ સમશીર અને નાઝીરના [કે જેઓ બંને સ્પે.નીડ ભાઈઓ છે.] ત્યાં ગયા. નાઝીર બીમાર હતો અને ખુબ જ અશક્ત જણાતો હતો. શિક્ષકે માતાને નાઝિરની તબિયત વિશે પૂછપરછ કરી. મમ્મીએ જણાવ્યું કે બે-ત્રણ દિવસથી બહુ જ કમજોર થઇ ગયો છે. હું દવા તો નિયમીત આપું છું. મેં તેમને બીજા ડોક્ટરને બતાવવા જવાની સલાહ આપી અને હોસ્પીટલમાં જવાની સલાહ આપી. તેમને હા પાડી પછી મેં નાઝીરના માથે હાથ ફેરવીને વ્હાલ કરીને આરામ કરવા જણાવ્યું અને સમશીર સાથે એક્ટીવીટી કરવાનું શરુ કર્યું. સમશીર સાથેના કાર્ય દરમ્યાન નાઝીર સુતા-સુતા મારો દુપ્પટો ખેંચતો હતો અને મને પણ કરાવો તેમ કહેવા માંગતો હતો. મેં તેને હા પાડી અને કહ્યું કે પછી કરાવું, તો પણ તેને ધીરજ રહેતી નહોતી. આથી બન્ને ભાઈઓને સાંકળીને થોડો સમય બોલ રમવાની રમત રમાડી, તો તરત જ તે બેસી ગયો અને હસવા લાગ્યો. મને પણ ખૂબ ખુશી થઈ કે તેને પ્રવૃત્તિ કરવાથી સારું લાગતું હતું. ત્યારબાદ બીજી બે-ત્રણ એક્ટીવીટી પણ રમત સાથે સાંકળીને કરાવી. અશક્તિ હોવા છતાં તે ખૂબ ખુશી સાથે કાર્ય કરવા લાગ્યો. તેને શ્રમ પડે નહીં અને આનંદ આવે એટલે તે માટે ફોનમાં જુદા-જુદા બાળગીતો, પ્રાણી, પંખીઓના અવાજ વગેરે બતાવ્યું. અને તે દિવસ પુરતી બંને ભાઈઓને સંયુક્તમાં જ એક્ટીવીટી કરાવી.




મારો સમય પત્યો એટલે હું બેગમાં વસ્તુ મૂકવા લાગી. મારી બેગ લઈ ને હું ઉભી થતી હતી ને તેણે મારો હાથ પકડીને ચૂમી લીધો અને પકડી રાખ્યો. હું થોડો વખત તેની સાથે બેઠી અને તને જલ્દી મટી જશે, તું બરાબર આરામ કરજે. હું ફરીથી આવીશ તેમ સમજાવીને જવા માટે ઉભી થઈ. ત્યારે મમ્મી ખૂબ ખુશ થઈને બોલ્યા કે "આજ વો એક હફ્તે બાદ ખુશ હુઆ, ઔર આપકે સાથ ખેલા હૈ." મેં કહ્યું કે તમે પણ તેની સાથે રમત રમો, વાતો કરો તો તેણે ગમશે. તેમણે હકારમાં માથું હલાવ્યું અને આંખમાં આંસુ સરી રહ્યાં હતાં.તેમણે આશ્વાસન આપ્યું અને હું ત્યાંથી નીકળી ગઈ. ત્યારબાદ બે કે ત્રણ દિવસ બાદ દિવાળીનું વેકેશન પડ્યું.

જયારે પહેલી તારીખે વેકેશન પૂરું થયું ત્યારે ખબર પડી કે તા. 28/10/2019ના રોજ નાઝિર આપણને અલવિદા કહી ચુક્યો છે.

આ સમાચાર સાંભળીને તેની છેલ્લી મુલાકાત નજર સમક્ષ આવી ગઈ. જે મેં શેર કરી છે. તેણે આપણને એક ખૂબ સરસ મેસેજ આપ્યો કે ગમે તે પરિસ્થિતિમાં હસતા રહેવું જોઈએ. છેલ્લી મુલાકાતમાં આપેલ સ્નેહ મારા માટે અવિસ્મરણીય છે.

# હેડ ઓફિસ માહિતી

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનની હેડ ઓફિસ રામદેવનગર સેટેલાઇટમાં આવેલ છે.જ્યાંથી મુખ્યત્વે એકાઉન્ટના કાર્ય, બેક ઑફિસના કાર્ય કરવામાં આવે છે. ઉપરાંત ઑફિસેથી બાળકોને લગતી ઘણી બધી એક્ટીવીટીસ,ઈવેન્ટ્સ આયોજન, મિટિંગ, પ્રેઝેન્ટેશન,રિપોર્ટિંગ કરવામાં આવે છે.





# નેટવર્કિંગ

- નવેમ્બર માસમાં રાજસ્થાન યુનિવર્સીટી તરફથી "જોય ઓફ ગિવિંગ" નો કોન્સેપટ કરીક્યુલમમાં સમાવિષ્ટ કરવા માટે યોજાયેલ ચર્ચામાં પ્રભાત એજ્યુકેશનને આમંત્રણ મળેલ હતું. જેમાં શ્રી કેશવસરે પાર્ટીસીપેન્ટ કર્યું હતું. અને ચર્ચામાં ભાગ લેવા ઉપરાંત તેમણે ત્યાં ઉપસ્થિત સંસ્થાને પ્રભાતના જુદા-જુદા પ્રોગ્રામની ડોક્યુમેન્ટરી બતાવીને પ્રભાતનો પરિચય કરાવ્યો હતો.




- પ્રભાતનું ઓર્થોસિસ બનાવવાનું કાર્ય વધારે સારું બને તે હેતુથી શ્રી કેશવસરે ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ અને પ્રાઈમ સર્જીટેક સંસ્થાની મુલાકાત લીધી હતી, અને વિશેષ જાણકારી મેળવી હતી.



- ઉમંગ સંસ્થા અને સંગથ સંસ્થાની મુલાકાત સંસ્થાની કાર્યપદ્ધતિ સમજવા અને સંસ્થાના અરસપરસ સંબંધ મજબૂત બને તે હેતુથી કરવામાં આવેલ હતી.
- દિશા ફાઉન્ડેશન: [રિસોર્સ સેન્ટર ફોર મલ્ટીપલ ડીસેબિલિટીસ] વિઝીટ.
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ક્રાફ્ટ એન્ડ ડિઝાઈનની મુલાકાત ડિઝાઈન એલીમેન્ટ સંસ્થામાં કઈ રીતે ઉપયોગી બને તે હેતુથી કરવામાં આવી હતી.




- રિવરસાઈડ સ્કૂલ અને બરોડા સ્થિત સંસ્થા દ્વારા અર્લીઈન્ટરવેસન ઉપર કાર્યક્રમ હતો, જેમાં પ્રભાતે પાર્ટિસિપેટ કર્યું હતું અને શ્રી કેશવસરે પ્રભાત પ્રોગ્રામ ડોક્યુમેન્ટરી દ્વારા પ્રભાતનો પરિચય આપ્યો હતો અને ચર્ચામાં ભાગ લીધો હતો.

# બાઈક રાઈડ ઇવેન્ટ



જેમાંથી એક ઈવેન્ટની વાત કરીએ તો એ છે બાઈક રાઈડ ઈવેન્ટ. "વર્લ્ડ મોટરસાયકલ ડે" ના દિવસે બાઈક રાઈડ ગોઠવામાં આવી હતી જેમાં 150 રોયલ એનફીલ્ડના બાઈકર્સ થલતેજથી નીકળીને પ્રભાતના વટવા સેન્ટર આવ્યા હતા, આ રાઈડર્સ સાથે (MY F.Mના ) આર. જે. હર્ષિલ પણ જોડાયા હતા. ઈવેન્ટમાં બાળકો અને રાઇડર્સે ભેગા મળીને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. પછી બધા રાઈડર્સ બાળકો માટે કેક લાવ્યા હતા તે બાળકો અને રાઇડર્સ ભેગા મળીને કાપી હતી. આર.જે. હર્શિલ પ્રભાતના બાળકો સાથે ખૂબ સરસ રીતે હળી-મળી ગયા હતા. બધાએ ઈવેન્ટ ખૂબ એન્જોય કરી હતી.

# વોલિયન્ટર્સ

પ્રભાતમાં ઘણા બધા વોલિયન્ટર્સ આવે છે પોતાની ટ્રેનિંગના ભાગરૂપે અને બાળકો સાથે સમય વીતાવવામાં માટે, વોલિયન્ટર્સ બાળકો માટે પ્રેરણા લઈ આવે છે. એવા જ એક વોલિયન્ટર્સની વાત કરીએ તો એ છે યામિની મહેરા. યામિની મહેરા જે લંડનથી આવેલ છે. તેમને પ્રભાત વિશે જાણ થઈ કે તરત જ સ્પે.નીડ બાળકો સાથે સમય વિતાવવા અને એમને મદદરૂપ થવા તૈયાર થઈ ગયા. યામિની પહેલા વટવા સેન્ટરે વિઝિટ કરી અને બાળકોને સમજવાનો પ્રયત્ન કર્યો. પછી એમને થયું કે બાળકો અને પેરેન્ટ્સના



રિલેશનને લાગતું કંઈક કરવું જોઈએ એ વિચારીને એમને પેરેન્ટ્સ અને બાળકોના રિલેશન પર સ્ટોરી લખી અને તે સ્ટોરીને પ્રભાતના સોશિયલ મીડિયા પર અપલોડ કરવામાં આવી હતી. આ રીતે વોલિયન્ટર્સ પ્રભાતમાં આવી મદદરૂપ થાય છે.

પ્રભાતમાં 'M.G.I.S' સ્કૂલમાંથી ૨ સ્ટુડન્ટ્સ ઑફિસે આવ્યા હતા, તેમને પ્રભાતના બાળકો સાથે કંઈક અલગ એક્ટીવીટી કરવાની ઈચ્છા હતી. એટલે એમને બાળકોને ડાન્સ અને પેઈન્ટિંગ કરવાનું નક્કી કર્યું હતું. તેમણે સેન્ટર જઈને બાળકોને ડાન્સ અને પેઈન્ટિંગ શીખવાડ્યું.

જયારે પ્રભાત છોકરીઓ માટે અવેરનેસ વધારી રહ્યું હોય તેવામાં ડો.બેજી જૈસન સાથે મીટિંગ કરવામાં આવી હતી, ડો. બેજી જૈસન એક ગાયનૅકોલૉજિસ્ટ છે. પુખ્તવયની છોકરીઓના માસિક માટેના અવેરનેસ અને જાણકારી માટેની મીટિંગ કરવામાં આવી હતી. ઓફિસ આવ્યા પછી ડો. બેજી જૈસનએ દાણીલીમડા સેન્ટરની મુલાકાત લીધી હતી, સેન્ટરમાં ડો. જૈસને છોકરીઓ અને પેરેન્ટ્સને મળીને છોકરીઓને અને પેરેન્ટ્સને માસિક અંગેની જાણકારી આપી હતી તેમ જ અન્ય ગાયનેક વિષયક જાણકારી આપી હતી,અને અવેરનેસ કરી હતી.



પ્રભાત ઓફિસમાં બાળકો માટે કોઉન્સેલિંગ અને થેરાપિસ્ટ મુલાકાતે આવ્યા હતા. જેમના નામ છે ડો. ડેનિસ અને ડો. રોબર્ટ, ડો. ડેનિસ એક કાઉન્સેલર છે અને ડો. રોબર્ટ થેરાપિસ્ટ છે. બંને ડોક્ટર યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકાથી આવેલ છે. તેઓ સંસ્થાના બાળકોને અલગ-અલગ પ્રકારની રમતો રમાડી, મેન્ટલી કસરતો કરાવી, ફિઝિકલ રમત રમાડી બાળકો સાથે કાર્ય કરે છે.

# Happy to announce



ઓફિસમાં અનિકેત આવે છે જે “માઈલ્ડ મેન્ટલ ચેલેન્જ” છે. અનિકેત છેલ્લા 9 મહિનાથી પ્રભાતની ઓફિસમાં વોલીયન્ટરની ફરજ બજાવી રહ્યો છે. પ્રભાતમાં આવીને તેને કોમ્પ્યુટરમાં ડેટા એન્ટ્રી કરતા આવડી ગયેલ છે, અને હવે તે કોમ્પ્યુટરમાં માઈક્રોસોફ્ટ વર્ડ અને એક્સસેલમાં પણ કામ કરી શકે છે. અનિકેત ઓફિસ સાંભળી પણ શકે છે. આ રીતે પ્રભાત અનિકેતને ટ્રેઈન કરી રહ્યું છે અને તેના રિહેબિલિટેશનમાં સહભાગી બની રહ્યું છે.

# પેરેન્ટીંગ નેશન

પ્રભાતમાં બાળકો અને પેરેન્ટ્સના સંબંધને લગતા 'Parenting nation' નો કોન્સેપટ લાવવામાં આવ્યો છે. શ્રી નારાયણભાઈ મેમન parenting nation નો કોન્સેપટ પ્રભાતમાં લાવ્યા છે. તેમાં પેરેન્ટ્સ કોઉન્સેલિંગને મહત્વ આપવામાં આવે છે. શ્રી અલીએ 'Parenting nation' ના કોન્ટેક્ટ અને માહિતી પ્રભાત સાથે શેર કરેલ છે.

# સોશિયલ મીડિયામાં પ્રભાત

'ડીઝીટલ ઈન્ડિયા' ચાલી રહ્યું હોય ત્યાં પ્રભાત એડયુકેશન ફાઉન્ડેશન સોશિયલ મીડિયા અપનાવી રહ્યું છે. પ્રભાતના **ફેસબૂક પેજમાં 1376** પીપલ પ્રભાતને ફોલો કરી રહ્યા છે અને આ પ્રભાત માટે ખૂબ સારી વાત કહી શકાય. **ઈન્સ્ટાગ્રામ** પર પણ પ્રભાતને પીપલ ફોલો કરી રહ્યા છે. સોશિયલ મીડિયા અત્યારના સમયમાં એક મહત્વની કડી થઈ શકે છે. સોશિયલ મીડિયા પ્રભાતના બાળકો માટેની લોકોમાં જાગૃતતા વધી છે.

# Security Action

સંસ્થામાં સિક્યુરિટીનો ઈરાદો  મજબૂત કરવાના હેતુથી પ્રભાતના સેન્ટરોમાં અને ઓફિસમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવ્યા છે. જેનાથી બાળકોની, શિક્ષકોની અને વોલિયન્ટર્સની સિક્યુરિટી વધી છે.

પ્રભાત એડયુકેશન ફોઉન્ડેશન સ્પે.નીડ બાળકોને નિઃશુલ્ક અભ્યાંસ આપી રહ્યું છે ત્યારે બાળકો માટે ઉદાર દિલના વ્યક્તિઓ દ્વારા બાળકોને ડૉનેશનરૂપે કપડાં, રમકડાં, સ્વેટરો, ચોપડીઓ જેવી વસ્તુઓ આપવામાં આવે છે, ડોનેશન ઓફિસમાં અને સેન્ટરોમાં સ્વીકારવામાં આવે છે. ડોનર્સ થાય તેટલું સંભવિત દાન કરે છે અને તે સંસ્થા ખૂબ પ્રેમથી સ્વીકારે છે.

# ડેટા મેનેજમેન્ટ સિસ્ટમ

http://dms.prabhateducationfoundation.org/

પ્રભાત જયારે આટલી મોટી સંખ્યામાં સ્પે.નીડ બાળકોને તાલીમ પૂરું પાડતું હોય ત્યારે એને દરેકે દરેક બાળકની માહિતી અને વિગતની ફાઈલ તૈયાર કરવી પડે. સંસ્થાએ એક અપલિકેશન બનાવી છે જેમાં બાળકોની વિગત નાખવામાં આવે છે અને ભવિષ્યમાં ક્યારેય કોઈ બાળકની માહિતી જોઈતી હોય તો એમાંથી સરળ રીતે મળી રહે. એપલિકેશનમાં કુલ ૫૨૪ બાળકોની માહિતી લખીને તૈયાર કરવામાં આવી છે.આ રીતે સંસ્થાએ 'Data Management System' ને અપનાવી છે.

# Printing material



'Like us' ફોટો એક્સઝીબીશન કે જે દિલ્હીમાં 'ઇન્ડિયન ઇન્ટરનૅશનલ સેન્ટર'માં કરવામાં આવ્યું હતું , તેમાં સંસ્થા પોતાના બાળકો દ્વારા દોરવામાં આવેલા ગ્રીટિંગ્સ કાર્ડ, બુક-માર્ક, નોટપેડ, રોશની મેગેઝીન વગેરે લઇ ગઈ હતી, તેના માટે પ્રિન્ટિંગ કરાવવામાં આવ્યું હતું.

પ્રભાત એડયુકેશન ફાઉન્ડેશન બીજી ઘણી ટ્રેનિંગમાં ભાગ લેતું હોય છે, જેમાં તા. 02થી04 નવેમ્બર 2019 દરમ્યાન સી.આર .ઈ. ની ટ્રેનિંગ કરવામાં આવી હતી. તેના માટે સંસ્થાએ 'R.C.I' રિપોર્ટ અને સર્ટિફિકેટ તૈયાર કરાવ્યા હતા.

પ્રભાત એડયુકેશન ફોઉંડેશને crowd funding માટે 'fuel-a-dream' સાથે સેમિનાર કર્યો હતો. સંસ્થા દ્વારા 'fuel-a-dream' નો રિપોર્ટ બનાવામાં આવ્યો હતો અને પછી સબમિટ કરવામાં આવ્યો.

પ્રભાત એજયુકેશન ફોઉન્ડેશનમાં દર વર્ષે હેમાલીબેન દ્વારા ઓડિટ કરવામાં આવે છે અને તેના પરથી સંસ્થાના annual રિપોર્ટ, ઓડિટ રિપોર્ટ, અને ફાઇનાન્સ રિપોર્ટ તૈયાર થાય છે.

# 'મેગા એજ્યુકેશન ફેસ્ટ'

તા. 21 અને 22 ડિસેમ્બર, 2019ના રોજ પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશને 'મેગા એજ્યુકેશન ફેસ્ટ' માં પેરેન્ટીંગ નેશન સાથે પાર્ટનરશીપમાં સ્ટોલ રાખેલ હતો. જેમાં સંસ્થાએ રીવરસાઇડ સ્કૂલના વિદ્યાર્થીઓને બોલવામાં આવ્યા હતા,અને ખૂબ જ સરસ રીતે વિદ્યાર્થીઓએ પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન વિશે બધાને માહિતી ની આપ-લે કરી હતી.





# Photo Gallery



સેલ્ફી લે લે રે.....



અમારી બેઠક



"હમ ભી અગર બચ્ચે હોતે"



ચાલો રોશની ફેલાવીએ



મારે કેક ખાવી છે



માટી મારી સાથી



ચિંતા નહીં, મને દુખતું નથી.



મેમ હું બરાબર કસરત કરું છું ને?



શાબાશ!



ચાલો ચા પીવા



મમ્મી તને સમજ પડી?



નાના બાળકોના નાસ્તાના મોટા વેપારી!



"પ્યાર બાંટતે રહો"



"તુમ આગે બઢો, હમ તુમ્હારે સાથ હૈ"



શું પ્રોગ્રેસ છે?



પકડો મારો હાથ



અમારા મિત્રોને જાણો



ચલતી કા નામ ગાડી



આઈ લવ માય ઈન્ડિયા



“ચાલો જઈએ નેહાબેનના મેરેજમાં”



"અમે જાતે બનાવ્યું"




"સાથે કરીએ સારા કામ"



ઠંડીમાં માં સૂપની મજા



પ્રકૃતિવાળા ગણેશ



Vaghela Lalita Laljibhai..

एक हर्ष बोलता है।
सुनो एक बचपन मेरा भी ।।

होठ गीत नही गाते है।
हाथ खेल नही पाते है।
थक जाता हु भगाते भगाते
पर पैर है को चल नही पाते है ।।

मेरी उम्र के सारे बच्चे तो साथ
मिल कर खेलते है एक मैं ही
हु जिसके दोस्त कोई बन नही पाते है।

मुझे भी पढ-लिख कर डोक्टर बनना है
पर ए हाथ है की पेन पकड़ नही पाते है

वो दिन भर मेरा ख्याल रखती है
पर होठ है जो मा' तक बोल नही पाते है।

उसे लगता है की मुझे दर्द होगा
इसलिए वो मुझसे दुर हो जाती है
पर मेरे सामने रो नही पाते है।

मेरी साँसे चलती है, और आँखे सब देखती है
वो रोज खुदा के खिलाफ जा कर मुझसे प्यार करती है।

Vaghelalita

લલિતાની કલમ



"હમ સાથ સાથ હૈ'

AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS

**Prabhat Education Foundation**
A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar
Ahmedabad-380015
**Phone:** +91 - 79 - 4890-3054; Mobile: +91 9825009427
**Email:** prabhat@prabhateducationfoundation.org
**Website:** www.prabhateducationfoundation.org

